Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક


## એકવાર હા તો પાડ!

હે જીવ! હે પ્રભુ! તું કોણ છે તેનો કદી વિચાર કર્યો છે? કયું તારું રહેઠાણ અને કયું તારું કાર્ય તેની તને ખબર છે? પ્રભુ? વિચાર તો ખરો કે તું કયાં છો અને આ બધું શું છે? તને કેમ શાંતિ નથી?

પ્રભુ! તું સિદ્ધ છો, સ્વતંત્ર છો, પરિપૂર્ણ છો, વીતરાગ છો, પણ તને તારા સ્વરૂપની ખબર નથી તેથી જ તને શાંતિ નથી. ભાઈ! ખરેખર તું ઘર ભૂલ્યો છો-ભૂલો પડયો છો, પારકા ઘરને તું તારું રહેઠાણ માની બેઠો; પણ બાપુ! એમ અશાંતિના અંત નહિ આવે!

ભગવાન! શાંતિ તો તારા સ્વઘરમાં જ ભરી છે. ભાઈ! એકવાર બધાયનું લક્ષ છોડીને તારા સ્વઘરમાં તો જો! તું પ્રભુ છો, તું સિદ્ધ છો. પ્રભુ! તું તારા સ્વઘરને જો-પરમાં ન જો. પરમાં લક્ષ કરી કરીને તો તું અનાદિથી ભ્રમણ કરી રહ્યો છો, હવે તારા અંતરસ્વરૂપ તરફ નજર તો કર! એકવાર તો અંદર જો! અંદર પરમ આનંદના અનંતા ખજાના ભર્યા છે, તેને સંભાળ તો ખરો! એકવાર અંદર ડોકિયું કર તો તને તારા સ્વભાવના કોઇ અપૂર્વ પરમ સહજ સુખનો અનુભવ થશે.

અનંતા જ્ઞાનીઓ કહે છે કે 'તું પ્રભુ છો.' પ્રભુ! તારા પ્રભુત્વની એકવાર હા તો પાડ!


વર્ષ પહેલું
અંક
૧૦-૧૧

ભાદ્રપદ
બે હજાર

પર્યુષણ અંક

વાર્ષિક લવાજમ અઢી રૂપિયા
છૂટક નકલ ચાર આના
આ અંકના આઠ આના

શિષ્ટ સાહિત્ય ભંડાર
દાસકુંજ, મોટા આંકડિયા
(કાઠિયાવાડ)

# દૃષ્ટિનો વિષય

વસ્તુ ત્રિકાલિક છે તેના આશ્રયથી પર્યાય નિર્મળ થાય છે. પર્યાયના આશ્રયથી પર્યાય નિર્મળ થતી નથી. ગુરુના કહેવા ઉપર લક્ષ જાય છે ત્યાં સુધી નિમિત્ત, શાસ્ત્ર, ગુરુ અને જ્ઞાન બધા વિનાશી, પણ ધ્રુવ પ્રત્યે નજર જાય ત્યારે જ્ઞાન અવિનાશી થાય છે. અનુભવ ને સમ્યગ્દર્શન તે અવસ્થા છે. તેને ને આત્માને ત્રિકાળી સંબંધ નથી, કેમકે તે ફરી જાય છે. દર્શન નિમિત્તનો સ્વીકાર કરતું નથી, પણ ત્યારપછી ઉપચારથી નિમિત્ત કહેવાય છે. પાછળથી જ્ઞાન નિમિત્તને જાણે છે. દર્શન વખતે નિમિત્ત નથી. પાછળથી ( પછીથી ) નિમિત્ત કહેવાણું. નિમિત્તને રાગથી જાણે છે ત્યાં સુધી જ્ઞાન વિનાશી અનિત્ય છે. તે અવિનાશીને લાભ કરતું નથી. તે તો પૂર્વનો જ ઊઘાડ છે. પોતે જ જ્યારે પોતા તરફ વળીને નિર્ણય કર્યો ત્યારે નિમિત્ત કહેવાય છે. જે સમયે અવિનાશી જ્ઞાન થાય છે તે વખતે નિમિત્તનો સવાલ જ રહેતો નથી. નિર્ણય સામાન્ય ઉપર વળ્યો ત્યાં સંસાર છૂટયો. સંસાર છૂટવાનું કારણ દ્રવ્ય પોતે છે. નિર્ણય થયા પછી નિમિત્ત કહેવાય છે. ધ્રુવ શક્તિ સાધ્ય છે, મોક્ષ સાધ્ય નથી. મોક્ષ પ્રગટ થાય છે. પ્રગટ–અપ્રગટ પર્યાય દૃષ્ટિમાં હોય. ધ્રુવ કાયમ પ્રગટ છે. પ્રગટ અપ્રગટ વસ્તુમાં સવાલ જ નથી. પ્રગટ અપ્રગટ અવસ્થામાં છે. વસ્તુ ધ્રુવ તો કાયમ પ્રગટ જ છે. સાધ્ય વસ્તુ, સાધન નિર્ણય ( વ્યવહાર. ) ધ્રુવ લક્ષમાં આવતાં સહજ નિર્મળ અવસ્થા પ્રગટે છે. પુરુષાર્થ કરવો પડતો નથી. સહજ પુરુષાર્થ થઈ જાય છે. આશ્રય પર્યાયનો કેવો ! આશ્રય સ્વભાવનો ! ધ્રુવ ને મોક્ષ એ બે સાધ્ય થાય તો બે ભંગ પડી જાય, દર્શનનો વિષય ભંગ ( બે ) નથી. સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન ઊઘડે તે નિશ્ચયથી આદરણીય નથી. સાધ્ય સાધનનો ભેદ નિશ્ચયમાં છે જ નહિ. ભેદનું જોર આવે તો અભેદ ઉપર જોર આવતું નથી.

# વ્યવહારથી નિશ્ચય ન આવે

વ્યવહારનય એટલે પરને આશ્રયે પ્રવર્તેલું કથન. દર્શનનો વિષય અભેદ છે, એમ જ્ઞાન જાણે તો જ્ઞાને યથાર્થ જાણ્યું કહેવાય. તે જ્ઞાન રાગદ્વેષને તો ગૌણ કરી નાખે એટલું જ નહિ પણ નિર્મળ અવસ્થાને ય ગૌણ કરી નાખે. ગૌણ કરી નાખે એટલે અવસ્થા પ્રત્યે વજન નહિ. તે જ્ઞાન કેવળજ્ઞાનને પણ ગૌણ કરી નાખે છે; એકલું સામાન્ય તે દર્શનનો વિષય છે. શ્રદ્ધાનું લક્ષ તો વિકાર ઉપર નથી, પણ નિર્મળ અવસ્થા કેટલી પ્રગટી તે પર પણ નથી. નિરપેક્ષ દૃષ્ટિમાં પરની અપેક્ષા આવતી નથી, પરનું આલંબન આવતું નથી. વ્યવહારથી નિશ્ચય ન આવે, વ્યવહારનો નિષેધ કરે નિશ્ચય આવે. ઊણી અવસ્થા કે પૂરી નિર્મળ અવસ્થા કોઇ સમ્યગ્દર્શનનો વિષય નથી. નિમિત્ત સાથે હોય છે, પણ દૃષ્ટિમાં નિમિત્તનો આદર હોતો નથી. ઊણી અવસ્થા છે તેથી જ્ઞાન નિમિત્તને જાણે ખરું, પણ દર્શનનો વિષય નિરાલંબ છે; દૃષ્ટિ તેનો જ આદર કરે છે. સમ્યગ્દર્શન પણ સાધન છે, અખંડ તો સાધ્ય છે. સાધ્યના જોરે સાધન વચમાં થઇ જાય છે. રાગદ્વેષ અવગાહે, ક્ષેત્રે ભેગા પણ ભાવે ભેગા નથી, તેથી છૂટા પડે છે. સમ્યગ્દર્શન થયું એટલે પરમાત્મા થઇ જવાનો. સમ્યગ્દર્શની તો લઘુનંદન થઇ ગયો; કૃતકૃત્ય થઇ ગયો. વિકાર વડે નિર્મળ અવસ્થા પ્રગટે એ તો અત્રે વાત જ નથી, પણ નિર્મળ અવસ્થા વડે વિશેષ અવસ્થા ઉઘડે તેમ પણ નથી. વ્યવહારનો અભાવ કરતાં નિશ્ચય આવે. વ્યવહાર કરતાં નિશ્ચય આવે એમ ત્રણ લોકમાં બને તેમ નથી.

# શ્રી સનાતન જૈન પાઠશાળા-સોનગઢ

( ૧ ) આ પાઠશાળામાં જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરાવવામાં આવે છે.
( ૨ ) અભ્યાસીઓને ભોજન ખર્ચ તથા રહેવાનું સ્થળ પાઠશાળા તરફથી આપવામાં આવે છે.
( ૩ ) અભ્યાસીની ઉમ્મર ૧૪ વર્ષ કે તેથી ઉપરની હોવી જોઇએ.
( ૪ ) અભ્યાસ દરમિયાન બ્રહ્મચર્યનું પાલન આવશ્યક છે.
( ૫ ) અભ્યાસક્રમ ત્રણ વર્ષ સુધીનો રહે છે.
( ૬ ) ભાદ્રપદ સુદ ૫ થી નવું વર્ષ શરૂ થાય છે.
( ૭ ) દાખલ થવા ઇચ્છનારે પત્ર વ્યવહાર કરી છાપેલું ફોર્મ મંગાવી લેવું.

**જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ ( કાઠિયાવાડ )**

# વિનંતિ

આત્મધર્મ અને સત્શાસ્ત્રોના પ્રચાર માટે ‘શિષ્ટ સાહિત્ય પત્રિકા’ પ્રગટ કરવામાં આવી છે. જિજ્ઞાસુઓ પોતાનું તેમજ બીજા સજ્જનોનું નામ અને પૂરું સરનામું લખી જણાવે. **જમુ રવાણી.**

શાશ્વત સુખનો માર્ગ
દર્શાવતું
માસિક

આ ત્મ ધ ર્મ

ભાદ્રપદ
બે હજાર

# ક્રમબધ્ધ પર્યાય

જગતમાં છ દ્રવ્યો છે. તે દરેકમાં અનંત ગુણો પોત પોતાના નિત્ય છે; દરેક સમયે સમયે તે ગુણોની અવસ્થા બદલે છે, જે જે અવસ્થા થાય છે તે દરેક ક્રમબદ્ધ જ આવે છે. પછી થવાની અવસ્થા પહેલાં થઈ જતી નથી કે પહેલાં થવાની જે અવસ્થા તે પાછળ થાય એમ ક્રમબધ્ધ અવસ્થામાં ફેર પડતો નથી.

દા. ત. માટીમાંથી ઘડો થાય તેમાં ક્રમબદ્ધ અવસ્થાઓ જ આવે છે. પ્રથમ તે માટીને પિંડરૂપ કરવા (બરાબર ચીકાશરૂપ કરવા) તેને ધોકાવતી છૂંદે છે, પછી તેને ચાક ઉપર ચડાવીને ઘડા આકારે બનાવે છે; તેમાં કુંભાર પહેલાં માટીને ચાક ઉપર ચડાવે અને પછી તેને ધોકાવતી છૂંદે એમ કદી બનતું નથી. તેમ આત્મામાં પણ દરેક અવસ્થા ક્રમબદ્ધ જ થાય છે, તેના ક્રમમાં ભંગ પાડવા કોઇ સમર્થ નથી. તેની કેવળ અને મોક્ષ પર્યાયો પણ ક્રમબદ્ધ જ પ્રગટે છે, તેમાં સમયમાત્રનો ફેર પાડવા કોઇ સમર્થ નથી.

હવે સહેજે નીચેનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે:- જો વસ્તુની બધી પર્યાયો ક્રમબદ્ધ જ આવે છે અને આત્માને કેવળ તથા મોક્ષ પણ ક્રમબદ્ધ જ આવે છે-તેમાં ફેર પડવાનો જ નથી તો પછી તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

તેનો ખુલાસો નીચે પ્રમાણે છે:-

વસ્તુની ક્રમબદ્ધ અવસ્થામાં તો ફેર પડવાનો જ નથી. પણ “વસ્તુની પર્યાય ક્રમબદ્ધ જ થાય છે” એવી શ્રદ્ધા કરવામાં જ અનંતો પુરુષાર્થ આવી જાય છે.

ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા થતાં પોતાની પર્યાય ઊઘડવા માટે કોઈ પર ઉપર લક્ષ રહેશે નહિ, તેથી કોઇ પર ઉપર રાગદ્વેષનું કારણ નહિ રહે. “મારી શુદ્ધ પર્યાય ક્યારે ઊઘડશે” એવો આકુળતાનો વિકલ્પ પણ રહેશે નહિ, તેથી ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા તો જે નજીક મુક્તિગામી હોય તે જ જીવ નક્કી કરી શકે, તેથી ક્રમબદ્ધ પર્યાય નક્કી કરવામાં અનંતો પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધ પર્યાયમાં વીતરાગતા છે.

ક્રમબદ્ધ પર્યાયનો નિશ્ચય થયા પછી પર દ્રવ્યની ગમે તેવી અનુકૂળ કે પ્રતિકૂળ અવસ્થા થાય તોપણ તેમાં રાગદ્વેષ થાય નહિ. (અનુકૂળ-પ્રતિકૂળપણું જગતની દ્રષ્ટિએ છે, વસ્તુમાં અનુકૂળ-પ્રતિકૂળપણું નથી.)

ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા ક્યારે થઇ કહેવાય? કે પરદ્રવ્યમાં થતી અવસ્થા ગમે તેવી થાય તેમાં “આ આમ કેમ થયું? આમ થયું હોત તો મને ઠીક” એ વગેરે વિચારો-વિકલ્પ-રાગદ્વેષ થાય જ નહિ. એને (ક્રમબદ્ધ પર્યાય નક્કી કરનારને) શ્રદ્ધા છે કે આ દ્રવ્યની આ વખતે આ પ્રમાણે અવસ્થા ક્રમબદ્ધ થવાની હતી, તે જ મુજબ થાય છે, તો પછી તેમાં રાગ કે દ્વેષ કેમ કરે? માત્ર જે વસ્તુની જે સમયે જે જાતની અવસ્થા થાય તેનું જ્ઞાન જ કરે.

આ રીતે ક્રમબદ્ધ અવસ્થાનો નિર્ણય તે પોતે જ વીતરાગતા છે, અને તે નિર્ણય કરવામાં જ અનંતો પુરુષાર્થ છે.

**‘હું ચિદાનંદ અસંયોગી આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ નિર્મળ છું, મારે અને પરને કાંઇ પણ સંબંધ નથી. એવું ભાન થયા પછી સ્વરૂપમાં ટકવારૂપ પુરુષાર્થની નબળાઇમાં વિષયકષાયના પાપભાવથી બચવા માટે શુભભાવ આવે તે પણ વિકાર છે. હું તે રહિત જ્ઞાતાદ્રષ્ટા છું.’ એ દ્રષ્ટિ થયા વિના**

# કદી કોઈને ધર્મ થયો નથી, થતો નથી અને થશે નહિ

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવનું વસ્તુની સ્વતંત્રતા બતાવતું અદ્‌ભુત વ્યાખ્યાન**
**સમયસાર નિર્જરા અધિકાર**

**રાજકોટ તા. ૨૧ ૨-૪૪ સોમવાર મહા વદી ૧૨**

નિર્જરા એટલે આત્મસ્વભાવનું ભાન થતાં પરાધીન ભાવનો નાશ અને સ્વાધીન ભાવનો વિકાસ થવો તે નિર્જરા છે. સ્વાધીન ભાવનો વિકાસ અને પરાધીન ભાવનો નાશ કોના જોરે થાય છે તેને જાણ્યા વિના નિર્જરા થાય નહિ.

વિકારભાવ–પરાધીનભાવ–ક્ષણિક છે; અવિનાશી નિર્મળ ધ્રુવ સ્વભાવ ઉપર દ્રષ્ટિ થાય તો તે ક્ષણિકનું માહાત્મ્ય જાય. શરીરાદિની વાસના તો ખસી જ જવી જોઇએ, પણ ક્ષણિક રાગ – દ્વેષ જેટલો હું નહિ એમ ભાન થતાં તે પ્રત્યે હોંશ ખસી જાય, પણ તે કયારે બને ? કે ક્ષણિકનું લક્ષ ગૌણ કરીને અવિનાશી કાયમ રહેનારો હું છું એવું ભાન કરે ત્યારે.

રાગદ્વેષ વિનાનો, જાણનાર સ્થિર આત્મા તે હું છું એ જાણ્યા વિના સ્વતંત્રતા ખીલે નહિ. “એક આત્માને બીજાની જરૂર નથી” એવો નિર્ણય થવો તે જ સ્વતંત્રતાનું કારણ છે. એક આત્માને પરની જરૂર પડે (પરની જરૂર છે એમ માને) તે પરતંત્રતા છે. શરીરાદિ સારું હોય તો ઠીક એમ એક તત્ત્વ બીજા તત્ત્વનું આલંબન ઇચ્છે તે પરાધીનતા છે.

‘હું નિર્મળ જ્ઞાનજ્યોત રાગદ્વેષ વગરનો છું, મારું સુખ મારામાં છે.’ એવી શ્રદ્ધા જ સ્વભાવની સ્વતંત્રતા પ્રગટ કરવાનો ઉપાય છે. આ સ્વરૂપની રુચિનો જે ભાવ છે, તેમાં અનંતો પુરુષાર્થ છે, વિષય કષાયની રુચિ નહિ. ‘દીકરો સ્ત્રી ધન વગેરે બધા પર વસ્તુ તે મારું સ્વરૂપ નહિ. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં જ આત્મધર્મ અને સ્વતંત્રતા છે. આત્માને પરના આશ્રયની જરૂર નથી.’ એવા નિશ્ચય વગર ધર્મ અને સ્વતંત્રતા પ્રગટે નહિ.

જ્ઞાન વગર આ (સ્વતંત્રતાનો નિશ્ચય) થાય તેમ નથી; કારણ કે બધાનો પત્તો મેળવનાર જ્ઞાન જ છે. અરૂપી ભાવનો પત્તો મેળવનાર જ્ઞાન છે; પરથી જુદાપણાનો વિવેક કરવાનો પત્તો પણ જ્ઞાનથી મેળવાય છે. દરિયામાં આંખો બંધ હોવા છતાં મોતીને કોણ ઓળખે છે ? તે જ્ઞાનથી જણાય છે. જ્ઞાન એટલે આત્મા; તે જાણે છે કે આ મોતી છે અથવા આ શંખલું છે, એમ મોતી અને શંખલાં વચ્ચેનો ભેદ જાણનાર જ્ઞાન છે.

ચૈતન્ય આત્માથી લક્ષ્મીઆદિ પર છે. પરથી નિરાળા આત્માની સ્વતંત્રતાનો પત્તો સાચા જ્ઞાન વગર મળે નહિ, અને સત્‌સમાગમ વગર સાચું જ્ઞાન મળે નહિ અને સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શન વગર સ્વાધીનતા પ્રગટે નહિ. આ કહેવાય છે તે સમકીતિનો નિઃશંકતા નામનો પ્રથમ આચાર છે. આનો વિશ્વાસ તે શ્રદ્ધા અને આ જાણવું તે જ્ઞાન છે. આત્માનું દર્શન–જ્ઞાન આત્મામાં છે. આત્માના ધર્મનો સંબંધ આત્મા સાથે છે, બહાર સાથે નથી.

દેવ–ગુરુ–શાસ્ત્ર પર છે. ધર્મનો સંબંધ પર સાથે નથી. ધર્મ પર સાથે સંબંધ રાખતો નથી. ધર્મ એટલે પરમાં પોતાપણાની માન્યતા જ્ઞાનમાં ન થવા દેવી અને અખંડચૈતન્યના લક્ષે રાગદ્વેષ મોળા પડી જાય તે જ આત્માનો ધર્મ

છે. આત્માનો ધર્મ આત્મામાં છે. દેવ–ગુરુ–શાસ્ત્ર તરફના શુભ ભાવને અશુભ ભાવને (સંસારના પાપના પરિણામ) ઘટાડવા આવે ખરા, છતાં ધર્મની દ્રષ્ટિમાં એ આદરણીય નથી. ધર્મ તો મારો જ્ઞાતા સ્વભાવ છે–તેમાં આત્મા ટકી શકતો નથી, ત્યારે શુભમાં જોડાવું પડે છે. શુભભાવ ધર્મનું કારણ નથી એમ જીવ જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી ધર્મની–આત્માની, સ્વતંત્રતાની તેને ખબર નથી. પરનું કાંઇ કરવાની વૃત્તિ તે વિકાર છે.

**'હું ચિદાનંદ અસંયોગી આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ નિર્મળ છું, મારે અને પરને કાંઇ પણ સંબંધ નથી.' એવું ભાન થયા પછી સ્વરૂપમાં ટકવારૂપ પુરુષાર્થની નબળાઇમાં વિષયકષાયના પાપભાવથી બચવા માટે શુભભાવ આવે તે પણ વિકાર છે. હું તે રહિત જ્ઞાતા-દ્રષ્ટા છું એ દ્રષ્ટિ થયા વિના કદી કોઇને ધર્મ થયો નથી, થતો નથી અને થશે નહિ.**

હવે સમ્યગ્દર્શનના આઠ અંગ કહે છે. તેમાં પહેલું નિઃશંકતા અંગ કહે છે.

यश्चतुरोऽपि पादान् छिनत्ति तान् कर्मबंधमोहकरान्।
स निश्शंकश्चेतयिता सम्यग्दृष्टिर्ज्ञातव्यः ।।२२९।।

આ ગાથા અપૂર્વ છે. સ્વતંત્રતાનો ઉપાય અનંતકાળે નહિ કરેલો એવો અપૂર્વ છે.

આત્મા જાણનાર–દેખનાર જ છે. આત્મા નિશ્ચયથી (ખરેખર) કર્મ વડે બંધાય એમ માનવું તે ભ્રમ છે. આવો ભ્રમ સમકીતિને હોતો નથી.

દરેક ચીજ જુદી છે. એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઇ કરવા સમર્થ નથી. જો એક પદાર્થ બીજાનું કાંઇ પણ કરે તો બે પદાર્થો એક થઈ જાય. તેથી એક પદાર્થ બીજાનું કાંઈ પણ કરે એમ માનવું તે તદ્દન મિથ્યાત્વ છે.

સત્ ત્રણકાળમાં ફરે તેમ નથી. જો એક જુદું તત્ત્વ બીજા તત્ત્વના આધારે હોય તો તે તત્ત્વ જ ન હોય શકે. હવે જો પર સાથે સંબંધ નથી તો એક ક્ષેત્રે રહેલા જડ કર્મ આત્માને રાગદ્વેષ કરાવતા નથી, કારણ કે તે જુદી ચીજ છે. આત્મા સ્વતંત્ર જ્ઞાનમૂર્તિ જુદી ચીજ છે. પર વસ્તુ આત્માને કાંઇ રાગદ્વેષ કરાવતી નથી. હવે સ્વતંત્ર આત્માનો જ્યાં નિર્ણય થયો–ત્યાં હું રાગદ્વેષરૂપે નથી કારણ કે એકલા તત્ત્વમાં વિકાર હોય નહિ–જો એકલું તત્ત્વ વિકાર (રાગદ્વેષ) કરે તો તે તેનો સ્વભાવ થઇ જાય માટે એકલામાં વિકાર ન હોય.

આત્મામાં પર પદાર્થ નથી; જેને સાચો નિર્ણય થયો કે, 'હું જુદો છું માટે મને બંધ નથી." તેને બંધ નથી. બંધ ત્યારે જ થાય કે જ્યારે જીવ પોતાને બીજાથી બંધાયેલો માને.

પહેલો સિદ્ધાંતઃ– 'એક તત્ત્વ બીજા તત્ત્વને કાંઇ કરી શકે નહિ.' આવું જ વસ્તુનું સ્વરૂપ છે.

બીજું– 'પર પદાર્થ મને રાગદ્વેષ કરાવે' એવું માન્યું છે તે જ અનાદિનો ભ્રમ છે.

'હું એક જુદું તત્ત્વ–કર્મો વડે બંધાયેલો છું.' એવો જે ભ્રમ તે જ અનંત અવગુણની જડ છે. 'પરથી બંધાયેલો છું' એવો ભ્રમ તે જ મિથ્યાત્વ છે. હું છૂટો છું એમ ન માનતાં, 'મારે પરના આશ્રય વગર ન ચાલે' એવો જે નિશ્ચય તે જ અજ્ઞાન અને ઊંધી બુદ્ધિ છે. કોઈ કોઈને મદદ આપતું નથી છતાં અજ્ઞાનથી જીવ તેમ માત્ર માને છે.

આત્મા જાણનાર છે તેમાં કર્મબંધ નથી. બંધાયો છું એવો ભ્રમ જ્ઞાનીને નથી.

પ્રશ્નઃ– બંધાયેલો નથી તો શું મુક્ત થઇ ગયો છે?

ઉત્તરઃ– અનાદિથી આત્મા તો મુક્ત જ છે પણ 'મારામાં સ્વતંત્રતા છે તેમાં ઠરું તો સ્વાધીન છું' એમ જેને ભાન નથી, તેણે પોતાને પરાધીન માન્યો છે. 'હું સ્વાધીન છું' એવું યથાર્થ ભાન થતાં હાલતમાં સ્વાધીનતા ઊઘડે છે. વસ્તુ તો સ્વતંત્ર છે જ, પરાધીનતાની માન્યતા સિવાય બીજું કાંઇ અનાદિનું જીવે કર્યું જ નથી. આ વાત કોઈ કબૂલ ન કરે તોપણ ત્રણ કાળમાં ફરે તેમ નથી. આ સિવાય બીજું

## પરાધીનતા એ જ દુઃખ

**આત્મા જ્ઞાન, શાંતિ આદિ અનંત ગુણનો પિંડ છે. આત્મામાં જે રાગદ્વેષ આદિ ભાવ થાય છે તે આત્માનો ત્રિકાળી ટકાઉ સ્વભાવ નથી, પણ ક્ષણિક વિકારી ભાવ છે. આત્માના સ્વભાવને ભૂલીને પરને પોતાપણે માનવું એટલે ગુણને ભૂલી જવા; ગુણને ભૂલી જવા એટલે સ્વતંત્રતાને ખોવી. સ્વતંત્રતાને ખોવી એટલે દુઃખ ભોગવવાનું રહ્યું. પોતાના ગુણ જાણવામાં ન આવે એટલે કયાંય પોતાને માનશે તો ખરો ને! એટલે શરીર, રાગદ્વેષ વિકારરૂપ તે હું છું એમ પરમાં પોતાની હૈયાતી સ્વીકારી, એટલે તેણે એમ માન્યું કે હું પરનો ઓશિયાળો છું, મારામાં માલ નથી; શરીરાદિ, રાગાદિને છોડીશ તો હું નહિ રહું, જો મારામાંથી વિકાર નીકળી જાય તો મારામાં કાંઇ રહે નહિ એમ પોતાને માલ વગરનો માનનાર પોતાના આત્માનો અનાદર કરે છે ને પોતાના ગુણનું ખૂન કરે છે. પોતાના ગુણનું ખૂન કરનાર તે પરનો ઓશિયાળો કોઇ'દી મટે નહિ અને પરાધીનતાનું દુઃખ તેને કોઇ'દી ટળે નહિ. આત્મા જ્ઞાન, દર્શન, સ્વતંત્ર સુખ, આનંદ, વીર્યની મૂર્તિ છે, તેને જેમ છે તેમ માને નહિ અને પરને પોતાપણે માનનારો રહે ત્યાં સુધી સ્વતંત્ર ધર્મ ન થાય, સ્વતંત્ર ધર્મ ન થાય એટલે પરતંત્ર વિકાર થાય એટલે દુઃખ થાય.**

**આત્મા તદ્ન છૂટો પરથી નિરાળો છે. તેને પરનો આશ્રય જોઇએ એમ બને નહિ.**

**( સમયસાર પ્રવચન ગા. ૩૩ )**

માની શકે પણ પરનું કરી તો શકતો જ નથી. આ સમજે ત્યારે પરનું કરતો અટકે એમ પણ નથી, પહેલાં પણ પરનું પરને કારણે થતું હતું–ત્રણે કાળે પરનું પરને કારણે થાય છે–એમ જ છે.

'મને બંધન છે, હું પરાધીન છું.' એવા સંદેહને લઇને જીવને કયાંય સુખ થતું નથી. તે ઓશિયાળા જીવનની ચિંતામાં ( ભ્રાંતિના ભ્રમના મૂળીયાના ફળમાં ) વિકાર થયા કરતો તેનો સમ્યગ્દર્શન વડે પ્રથમ છેદ કર્યો કે કર્મ વડે ત્રણ કાળમાં જીવ બંધાતો નથી. એમ તે જાણે છે.

આત્મા વસ્તુ છે. તેનો ગુણ તેનાથી જુદો હોય નહિ. ફક્ત માન્યું છે કે મારા ગુણ પરમાં છે, એટલે માને છે કે કર્મનું બંધન છે અને કહે છે કે કર્મનું બંધન ન હોય તો મોક્ષ કેમ ન હોય? તેને એમ પૂછવામાં આવે છે કે– તું બંધાયો એમ તેં માન્યું છે? કે કર્મે તને બાંધ્યો છે? જે બંધાયો છે તે પોતાને કારણે બંધાયો છે. કોઇ તત્ત્વ બીજા તત્ત્વને બાંધી શકે નહિ.

પ્રશ્નઃ– એકલા આત્માની વાત કરે તો જીવ પાગલ ન થઇ જાય?

ઉત્તરઃ– આત્મા એટલે સત્ય અસત્યનો વિવેક જાણનાર. જેને તે વિવેક નથી આવડતો તે પાગલ છે– વિવેક જેણે જાણ્યો તે પાગલ થાય નહિ. એક સ્વતંત્ર તત્ત્વ આત્મા તેને પરથી બંધાયેલો માનવો તેમાં સ્વતંત્રતાનું ખૂન છે. એક તત્ત્વ 'છે' એમ કહેવું અને વળી કહેવું કે 'પરથી બંધાયેલો' છું તો તે બન્ને વિરોધ છે 'તું છો' તો તારા ગુણ તારામાં છે, પરમાં ગયા નથી. પરમાણુમાં કે શરીરમાં તારા ગુણ નથી. તારા ગુણ તારામાં ન હોય તો તું લાવીશ કયાંથી? ભગવાન! તારી મહિમા તે સાંભળી નથી, સંસારની વાતો કરી છે, મોટા મોટા ભાર ઉપાડયા પણ બધું જળોજથા છે.

હું—એક તત્ત્વ પરથી બંધાયેલો છું એમ માન્યું ત્યાં હું સ્વતંત્ર તત્ત્વ નથી એમ માન્યું તે જ સર્વ પાપનું મૂળ છે. કહેવાય છે કે "**पापमूल अभिमान**" તેનો અર્થઃ– હું—એક આત્મા પરનું કરી શકું અને પર મને મદદ કરે છે એમ માન્યું તેને સ્વતંત્ર વસ્તુની ખબર નથી એટલે તે બધાનો ખીચડો કરે છે તેનું જ નામ અહંકાર અને તે જ પાપનું મૂળ છે. 'પરથી બંધાયો છું' એવી માન્યતા તે સ્વતંત્ર તત્ત્વનું ખૂન કરે છે. તે જ સર્વ પાપની જડ છે અને તેમાંથી જ દુઃખનું ઝાડ ફાલે છે પરથી કાંઇ લાભ નુકસાન નથી. પરમાં મોહ, મારાપણાની માન્યતા તે જ નુકસાનનું મૂળીયું છે.

પૈસા મળવા તે લાભ–નુકસાનનું કારણ નથી પણ આ પર વસ્તુ હોય તો મને ઠીક એવી માન્યતા એટલે હું નમાલો છું એવી માન્યતા જ દુઃખ અને મોહ છે.

પ્રશ્નઃ– આ સમજે કે તરત જ બધું છોડી દેતા હશે?

ઉત્તરઃ– અંતરથી ઊંધાઇ છૂટી જાય બાકી સમજ્યા વગર તો ( આત્માના ભાન વગર ) અનંત વાર સાધુ થાય–ત્યાગી થાય કે પાટે બેસે તેથી કાંઇ ધર્મ થાય

નહિ–ઊંચો બેસે તેમાં ધર્મ નથી. ઊંચો તો કયારે ? કે મારો આત્મા ઊર્ધ્વ સ્વભાવી છે તેમાં પરથી લાભ–નુકસાન થાય એવી હીણી માન્યતાનો નાશ તે ઊર્ધ્વ તત્ત્વનું ભાન છે. તે સાચા જ્ઞાન વગર થાય નહિ. માન્યતા ફરી ગઇ તે જ ક્ષણે વિષય કષાય બધા ટળી જાય એમ બનતું નથી. ફક્ત પૂર્ણ સ્વતંત્રતા થવાનું કારણ પ્રગટયું.

પહેલી મોંકાણ એ જ હતી કે “પરથી બંધાયો છું એટલે છૂટવા માટે પણ પરથી ઉપાય માંડયા હતા; પણ જ્યાં માન્યતા ફરી કેઃ– હું મારી ઊંધી માન્યતાથી બંધાયો છું ત્યાં પોતે માન્યતા ફેરવ્યા વિના રહે નહિ, એટલે કે ઊંધી માન્યતા ફેરવવી એ જ ધર્મ છે. બાપુ ! આ વાત બધે નહિ મળે–વારંવાર નહિ મળે.

આત્મા પરથી બંધાયો એમ જેણે માન્યું તે છૂટવાનો ઉપાય પરમાં કર્યા કરે છે. જો હું—એક વસ્તુ છું તો વસ્તુના ગુણો પણ વસ્તુમાં ભર્યા જ છે. ફક્ત “પરથી ગુણ થાય” એમ માન્યું તે ભ્રમણા જ પોતાના ગુણ જોવા દેતી નથી. ગુણ અને ગુણી તો ત્રિકાળ છે. માત્ર અવસ્થામાં ભૂલ એટલે મલિનતા તે સંસાર છે–અને અવસ્થામાં ભૂલ ટળવી તે મુક્તિ છે. પોતે ચિદાનંદ સ્વરૂપ ધ્રુવ છે. ક્રોડો રૂપિયા આપ્યાથી પણ આ એક શબ્દ મળે તેમ નથી.

મુક્ત થવાનો ઉપાય ‘મુક્ત છું’ એવી પ્રતીતિ વગર મુક્ત થવાનું વીર્ય સ્ફૂરે નહિ અને મુક્તિ થાય નહિ.

“હું પરથી બંધાયો છું” એવા મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ અને કષાય ભાવને સમકીતિ છેદી નાંખે છે. પોતાને ‘બંધાયેલો’ માન્યો છે તે જ માન્યતા સ્વતંત્ર થવાની રુચી થવા દેતી નથી.

સાદા અને સહેલાં સૂત્રો આવે છે. સમજવા માગે તો આઠ વર્ષનું બાળક પણ સમજી જાય નહિતર ૮૦ વર્ષનો પંડિત ( થોથા ભણેલો ) પણ ન સમજે.

સારું કરવું છે કોનું ? જે હોય તેનું કે ન હોય તેનું ? જે હોય તે પરથી બંધાયેલો ન હોય. સમકીતિ ભ્રમને છેદી નાખે છે. હું પરથી બંધાયો નથી. એક તત્ત્વ પરથી પરાધીન થયું નથી. “નિશ્ચયથી કર્મથી બંધાયો છું” એવી ઊંધી માન્યતાના ચાર પાયારૂપ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને કષાયને સમ્યગ્દ્રષ્ટિ છેદી નાખે છે.

મિથ્યાત્વ=પરથી બંધાયેલો છું એવો ભ્રમ. એ ભ્રમ ટળ્યા પછી જે અવ્રત, કષાય, પ્રમાદ સમ્યગ્દ્રષ્ટિને હોય તેમાં તેની બુદ્ધિ નીચે પ્રમાણે હોય છે; અવ્રત એટલે આસકિત છે પણ તે મારું સ્વરૂપ નથી. નબળાઇની ભૂમિકા પ્રમાણે રાગ–દ્વેષ થાય છતાં તે મારાં છે એવી બુદ્ધિ તેને નથી.

કષાય–એટલે ક્રોધાદિ થાય છતાં તે મારું સ્વરૂપ નથી અને તેથી તેની રુચિ નથી.

પ્રમાદ–એટલે પુરુષાર્થની નબળાઇ તે પણ મારું સ્વરૂપ નથી. આ રાગ મારા પુરુષાર્થની નબળાઇને કારણે વીર્યની હીનતામાં—અવસ્થામાં થાય છે. વસ્તુના સ્વભાવમાં નથી–એવા નિર્ણયથી તે રાગાદિને દ્રષ્ટિમાંથી કાઢી નાખે છે. આ ધર્મીનું પહેલું ચિહ્ન–પહેલું લક્ષણ. આ ન હોય તો મોટા ચકરડા ( મીંડા ).

આત્માએ અનંતકાળથી કર્યું છે શું ?

‘પર મારાં, હું પરનો’ એ માન્યતા જ અને તે માન્યતાને કારણે રાગદ્વેષ ભાવ જ અનાદિથી કર્યાં છે. તે સિવાય પરનું કોઇ આત્માએ કાંઇ કર્યું નથી, ‘કરી શકતો જ નથી.’

એકલી ઊંધાઇ કરી છે, જ્યાં ગુણ હોય ત્યાં અવગુણ થાય. આત્મામાં પર નથી તેથી પર આત્માનું કરતો નથી કે પરનું આત્મા કરતો નથી. એક તત્ત્વ બીજા તત્ત્વમાં સંક્રમે ( તેરૂપ પરિણમે ) એમ ત્રણ કાળમાં બનતું નથી. અત્યાર સુધી ઊંધી રુચિ–અને રાગદ્વેષ કર્યા છે એટલે **‘ધર્મ માટે પહેલાં ઊંધી રુચિને ફેરવવી પડશે.’**

આત્મા અનાદિ અનંત શાશ્વત તત્ત્વ છે–તેની રુચિ થઈ ત્યાં મને બંધ થશે એવી શંકા નથી. વસ્તુ જાુદી છે બંધન મેં માન્યું હતું–પણ વસ્તુમાં બંધન નથી–માત્ર માન્યતા હતી. પરનું કરવાને–એક પરમાણુ પણ ફેરવવાને આત્મા સમર્થ નથી. ‘મેં પરને આપ્યું’ તેમ અભિમાન જીવ કરે પણ એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઇ કરી શકે એમ ત્રણ કાળમાં બને નહિ.

આ પોતાના ઘરની ચીજ છે, ઘરની ચીજ મોંઘી નથી; મોંઘું માન્યું છે તે માન્યતા જ સમજવા દેતી નથી.

**–: આત્મધર્મની પ્રભાવના કરો. :–**

સમકીતિની પ્રથમમાં પ્રથમ બુદ્ધિ એવી થાય છે કે– 'હું છૂટો છું–સ્વતંત્ર છું.' તારા સ્વતંત્રપણાની એક વાર 'હા' તો લાવ! હા પાડતાં તને પરસેવો ઉતરી જશે–અનાદિની માન્યતા ફેરવતા અનંતો પુરુષાર્થ જોઇશે.

સ્વતંત્ર આત્મતત્ત્વના ભાન વગર કોઇ સાચો ત્યાગી કે સાધુ હોય શકે નહિ. સાચા સાધુ કોઇ ન હોય તેથી કાંઇ ખોટાને સાધુ ન કહેવાય! માન–સરોવરમાં મોતીનો ચારો ચરનાર હંસ જ હોય, પણ હંસ ન હોય તેથી હંસને બદલે કાગડાને હંસ ન કહેવાય. સમ્યગ્દ્રષ્ટિએ પરવસ્તુનો પહેલો જ નકાર કર્યો છે કે 'આત્મતત્ત્વ પોતાના સ્વતંત્ર સ્વભાવમાં પરની સત્તાને–લૂગડાનાં કટકાને પણ પેસવા દેતું નથી.'

જગતના કામોમાં એક ધંધાની વાતમાં બીજો ન પડે! કંદોઇના કામમાં ઝવેરી ડાહ્યા ન થાય કે કુંભારના કામમાં વકીલ ડાહ્યા ન થાય; જેના જે કામ હોય તેમાં બીજો હાથ ઘાલે નહિ, પણ ધર્મની વાતમાં તો બધા નીકળી પડયા, કે 'આ આમ હોય, અને ફલાણું આમ હોય' એમ ધર્મમાં તો બધા મંડી પડે! અહીં તેને કહે છે કે– એલા! તને જગતની કળાની કિંમત! તેમાં એકની કળામાં બીજો ડહાપણ ન કરે! અને અહીં ધર્મમાં તે બધા પોતાનું 'ડહાપણ' ઘાલે! ધર્મને ભાજી–મૂળા જેવી ચીજ કરી મૂકી છે; શું ધર્મ તે મફતની ચીજ છે? અનંત કાળે સાંભળવો પણ દુર્લભ છે.

અહાહા! સંસારના કાર્યોમાં બધું ક્રમબદ્ધ! તેમાં શીરો કરવો હોય તો પણ આડું અવળું ન કરે; અને ધર્મમાં તો કહે–પહેલાં ક્રિયા કરો–પછી સમજણ કરીશું! **પણ સમજ્યા વગર ક્રિયા કોની?** પહેલાં સાચી સમજણ કરવી પડશે, તે પહેલી સમજણથી ક્રિયા છે.

'ગોળ અંધારે ખાય તોય ગળ્યો લાગે' એ સાચું–પણ પહેલાં ગોળ પદાર્થનું જ્ઞાન તો કરવું પડશે ને! ખરા ગોળને જાણે નહિ, અને કાંકરો અથવા છાણાનો ગોળ મોઢામાં મૂકે તો ગળ્યો લાગે નહિ. તેમ આત્માનો સ્વભાવ તો શાંત છે, પણ તેના સ્વાદ માટે પહેલાં તેનું જ્ઞાન કરવું પડશે. સમ્યગ્દર્શન વગર કદાચ કોઇ કષાય પાતળો પડે તો તેથી આત્માને કાંઇ લાભ થાય નહિ.

એકવાર સ્વતંત્રતાની વાત તો લાવ! તું સ્વતંત્ર છો. સ્વતંત્ર થવા માટે 'હું સ્વતંત્ર છું, કોઇ પરથી હું દબાયો નથી' એવી પ્રતીતિ ઘૂંટયા વગર સાચું ભાન હોય નહિ. આ વાતની ત્રણ કાળ ત્રણ લોકમાં કોઇથી ના પાડી શકાય તેમ નથી. મુક્તિનો માર્ગ ત્રણે કાળ એક જ હોય, બીજું માને તો તે તેના ઘરનું છે.

પહેલામાં પહેલાં તો સમ્યગ્દ્રષ્ટિ સંદેહનો ભાંગીને ભૂકકો ઉડાડી દયે છે–પછી બીજી વાત! સ્વતંત્ર સ્વભાવમાં નિઃશંકતા થયા વગર સ્વતંત્રતાનો પુરુષાર્થ ઊપડે નહિ.

વસ્તુ તો વસ્તુસ્વભાવે જેમ છે તેમ જ ત્રિકાળ પડી છે–વસ્તુમાં પરાધીનતા કે બંધન નથી. વસ્તુ સ્વાધીન છે, પણ પોતાની સ્વાધીનતાની ખબર ન હતી તેથી પરાધીનતા માની છે, પણ વસ્તુ પરાધીન નથી.

સમ્યક્ આંખોના ઊઘાડ વિના જગત અનાદિથી ભીંસાઈ રહ્યું છે. પહેલાં તો સત્ય વાત કાને પડવી અનંતકાળે દુર્લભ છે. અને સત્ય કાને પડયું ત્યાં વચ્ચે ઊંધી માન્યતાના લાકડા નાખી સાંભળે, તેમાં સમજાય કયાંથી?

'મારા ગુણમાં પરનો પ્રવેશ નથી, હું મારી ભૂલે અટકયો છું, મારું સ્વરૂપ તો સિદ્ધ સમાન જ છે' એવી શ્રદ્ધાના અભાવે સ્વભાવમાં નિઃસંદેહતા આવતી નથી, નિઃશંકતા વગર સ્વાધીનતા પ્રગટે નહિ.

અનંતકાળના અંધારાને ટાળવા માટે કોદાળી કે પાવડા ન જોઇએ, પણ દિવાસળીને ઘસે ત્યાં અંધારું ટળી જાય; તેમ અનાદિનું અજ્ઞાન ટાળવા માટે બહારનું કર્યા કરે તો અજ્ઞાન ટળે નહિ—પણ–ચૈતન્યમૂર્તિ દરિયો જ્ઞાન પ્રકાશથી ભરપૂર છે તેની શ્રદ્ધા કરી પછી 'એકાગ્રતાનો ઘસારો' થતાં કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય છે.

દિવાસળીના નાના ટોપકામાં પ્રકાશ પ્રત્યક્ષ દેખાય નહિ છતાં માને છે; તે કોઇના કહેવાથી કે જગત માને છે માટે માન્યું નથી, પણ પોતાને બેઠું છે ત્યારે માને છે, તેમ આત્મા ચૈતન્ય જ્યોતજ્ઞાન દરિયો તેની પ્રથમ શ્રદ્ધા પોતાથી કરે અને પછી તેની એકાગ્રતાના જોરમાં પોતે જ પરમાત્મા થાય છે.

ટંકોત્કિર્ણ એવા જ્ઞાયક સ્વભાવની શ્રદ્ધા થતાં 'હું પરથી બંધાયેલો છું'

એવા ભ્રમને કાપી નાખે છે. સ્વતંત્રતાની શ્રદ્ધાના જોર વિના કદી સ્વતંત્રતા પ્રગટે નહિ, પરાધીનતા ટળે નહિ અને મુક્તિ થાય નહિ.

'હું બંધાયેલો નથી, મારા સ્વરૂપમાં બંધન છે જ નહિ' એમ જેને તત્ત્વની નિર્બંધદ્રષ્ટિ છે તે અવસ્થામાં ક્રમેક્રમે નિર્જરા કરી મુક્ત થઇ જશે. પ્રથમ શ્રદ્ધા જોઇએ, ધ્રુવસ્વરૂપના જોર વડે આઠે કર્મોનો નાશ કરી સહજાનંદ પરમાત્મા ( જેવો અંદર પડયો છે તેવો ) પ્રગટ થઇ જાય છે.

શુભાશુભ વૃત્તિ આત્માનું સ્વરૂપ નથી. આત્મા તે શુભાશુભ ભાવ જેટલો નથી. દયાદિની વૃત્તિ તે ક્ષણેક્ષણે નવી થાય છે. તે વૃત્તિ વખતે અજ્ઞાનીને 'આ મારા સ્વરૂપમાં છે' એવી માન્યતાના કારણે બંધન થાય છે; અને જ્ઞાની 'મારા સ્વભાવમાં બંધન–ભાવ નથી, વિકાર નથી, અવસ્થામાં નબળાઇના કારણે આ વૃત્તિ આવી જાય છે' એવા ભાનમાં પરનો ( શુભાશુભ લાગણીઓનો ) ધણી થતો નથી તેથી તેને નિર્જરા થાય છે. **દ્રષ્ટિમાં પરિપૂર્ણ સ્વભાવનું જોર પુરુષાર્થની નબળાઇનું ધણી પણું થવા દેતું નથી.**

મારા સ્વભાવમાં ઊણપ કે વિકાર નથી, પુરુષાર્થની નબળાઇ પણ મારા સ્વભાવમાં નથી, ફક્ત અવસ્થામાં જે નબળાઇ દેખાય છે તે વર્તમાન પુરુષાર્થની નબળાઇ છે એમ જ્ઞાની જાણે છે.

જ્ઞાનીને ટંકોત્કિર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે–કર્મબંધ સંબંધી શંકા કરનાર અર્થાત્ કર્મવડે બંધાયેલો છું એવો ભય ( સંદેહ ) ઉત્પન્ન કરનાર મિથ્યાત્વ આદિ ભ્રાંતિ ભાવોનો અભાવ હોવાથી–તે નિઃશંક છે; એટલે 'હું પરથી બંધાઉં' એવો શંકાકૃત બંધ તેને ( જ્ઞાનીને ) નથી, પણ નિર્જરા જ છે.

## પ્રશ્નોત્તરી

**રજુ કરનારઃ-રામજીભાઈ માણેકચંદ દોશી.**

પ્રશ્ન - બધે કરવું. જીવાદિ તત્તવો સમજવા માટે આ કાળે કોણ લાયક છે ?

ઉત્તર-પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવા યોગ્ય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ ( જ્ઞાનનો ઉઘાડ ) તો સર્વ સંજ્ઞી પંચેંદ્રિય જીવોને થયો હોય છે, માટે તે લાયક છે.

પ્રશ્ન - તો પછી સર્વ સંજ્ઞી પંચેંદ્રિય જીવોને જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કેમ થતું નથી.

ઉત્તર - જે જે સંજ્ઞી જીવો પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવા માટે પોતાના જ્ઞાનમાં પુરુષાર્થ કરે છે તેને સાચી શ્રદ્ધા થાય છે, અને જે જે સંજ્ઞી જીવો પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવા માટે પોતાના જ્ઞાનમાં પુરુષાર્થ કરતા નથી, પણ પર જ્ઞેયોને જાણવામાં તે જ્ઞાનને રોકવામાં અસત્યાર્થ પુરુષાર્થ કરે છે તેને પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રધ્ધાન થતું નથી.

ક્ષયોપશમ જ્ઞાન જ્યાં લાગે ત્યાં એક જ્ઞેયમાં લાગે. જો પોતાના સ્વરૂપને જાણવા તરફ તે જ્ઞાનને લગાડે તો તેનું જ્ઞાન થાય, અને જો પર જ્ઞેયને જાણવા તરફ પોતે પોતાના જ્ઞાનને લગાડે તો પર જ્ઞેય જ્ઞાનમાં લાગે. પરદ્રવ્યો અનંતાનંત છે, એક જ્ઞેયમાં રોકે તો કદીપણ તેને બરાબર જાણે નહિ. સ્વને યથાર્થપણે જાણ્યા વગર પરનું યથાર્થ જ્ઞાન થતું નથી, તેથી જે સંજ્ઞી જીવો પોતાનો પુરુષાર્થ પોતા તરફ વાળતા નથી તેને યથાર્થ શ્રદ્ધા અને યથાર્થ જ્ઞાન થતાં નથી.

પ્રશ્ન - ધર્મના ઉપદેશમાં મુખ્યતા શેની જોઈએ ?

ઉત્તર - મિથ્યાત્વ જે પાપ છે તેની પ્રવૃત્તિ છોડાવવાની મુખ્યતા જોઈએ. કેટલીક બાબતોમાં હિંસા બતાવી તે છોડાવવાની મુખ્યતા કરવી એ ક્રમભંગ ઉપદેશ છે. જેઓ દયાના કેટલાક અંગ યોગ્ય પાળે છે, હરિતકાય આદિનો ત્યાગ કરે છે, જળ થોડું વાપરે છે તેનો નિષેધ ન સમજવો. અહીં તો મિથ્યાત્વનું મહાપાપ છોડાવવાની પ્રવૃત્તિની મુખ્યતા જોઈએ એ બતાવવાનું છે. જો તેની મુખ્યતા નહિ કરવામાં આવે તો તે જીવો દયાના કેટલાક અંગો પાળવામાં આખી જીંદગી વ્યતીત કરશે, અને ધર્મની શરૂઆતરૂપ સમ્યગ્દર્શન પામશે નહિ. એ રીતે તેમનું અમૂલ્ય મનુષ્ય જીવન અફળ જશે, અને તેમનું સંસારચક્ર ચાલુ રહેશે.

# 'અંધ બની અજ્ઞાનથી કર્યો અતિશય ક્રોધ તે સવિ મિચ્છામિ દુક્કડં'

**[ 'મિચ્છામિ દુક્કડં' શું છે એ જાણ્યા સિવાય ઘણી વાર ઉપર પ્રમાણેના પાઠો આ જીવ ભણી ગયો. હવે માત્ર એકજવાર સાચું 'દુક્કડં' શું છે એ જાણી સમ્યગદર્શન પ્રાપ્ત કરી પરમ પદ પામવું બાકી છે. પ... ણ સાચું 'દુક્કડં' સમજાશે કયારે ? ]**

લેખકઃ- રામજીભાઈ માણેકચંદ દોશી.

૧. 'મિચ્છામિ દુકકડં' એ માગધી ભાષાનું પદ છે. તેને સંસ્કૃતમાં 'મિચ્છામિ દુષ્કૃતં' કહે છે. મા+ઇચ્છામિ+ દુષ્કૃતં—એમ ત્રણ શબ્દોનું તે પદ બનેલું છે–તેનો અર્થ 'માઠાં કૃતને હું ઇચ્છતો નથી' એવો થાય છે.

૨. ત્યારે "દુષ્કૃતં" શું છે એ પ્રથમ સમજવું જોઇએ. મિથ્યાત્વ તે મહાપાપ છે અને તેથી તે મોટામાં મોટું "દુષ્કૃતં" છે. જીવ જે કુળે જન્મે છે તે કુળમાં ઘણે ભાગે કોઇને કોઇ ધર્મની માન્યતા હોય છે. કુળધર્મની તે માન્યતાને ઘરમાં પોષણ મળે છે. મોટો થતાં ધર્મ સ્થાનકે જતાં તે માન્યતાને વિશેષ પોષણ મળે છે. વળી ધંધાદારી કામમાં પડી જતાં કુળધર્મની માન્યતાનું યથાર્થ સ્વરૂપ શું છે તેની વિચારણા કરવાને તેને વખત મળતો નથી. એટલે ઓઘસંજ્ઞાએ ક્રિયાઓ પોતે કે પોતાના સગા સંબંધીઓ જે કરે તે ધર્મ હોવો જોઇએ એમ માની લઇ પોતાનું જીવન ચલાવે છે. 'આત્માનો સ્વભાવ' તે ધર્મ છે, એમ તો તેને સાંભળવાનું ઘણે ભાગે મળતું નથી. આ પ્રમાણે પોતાના સ્વભાવનું ઘોર અજ્ઞાન તે સેવ્યા કરે છે. આ ઘોર અજ્ઞાન તે પહેલાં નંબરનું 'દુષ્કૃત' છે. માટે તે અજ્ઞાન ટાળી પોતાનું સ્વરૂપ યથાર્થ જાણવાની જરૂર છે. તે જાણ્યા સિવાય સાચું સુખ પ્રગટે નહિ અને ખરું "મિચ્છામિ દુક્કડં" થાય નહિ.

૩. સાચું "મિચ્છામિ દુક્કડં" શું છે તે સમજવા માટે એક પાઠ નીચે આપવામાં આવ્યો છે.

"અંધ બની અજ્ઞાનથી કર્યો અતિશય ક્રોધ, તે સવિ મિચ્છામિ દુક્કડં"

આવા પાઠ ઘણા જીવો બોલે છે, વાંચે છે. પણ તેનો અર્થ સમજી ખરું "મિચ્છામિ દુક્કડં" કરતા નથી. તેથી એ સંબંધે થોડું લખવાની જરૂર છે.

૪. ઉપરની કડીમાં 'અજ્ઞાન' થી અંધ બન્યો એમ કહ્યું, પણ અજ્ઞાન ટાળવા મહેનત જીવ કરે નહિ અને એ કડી બોલ્યા કરે તેથી 'અજ્ઞાન' જાય નહિ અને સાચું 'મિચ્છામી દુક્કડં' થાય નહિ, પરિણામે અજ્ઞાનથી અંધ જીવ બની રહે. પોતે આધુનિક કેળવણી લીધી હોય, વળી સામાજિક પ્રતિષ્ઠા કાંઇક સારી હોય તો પોતે 'અજ્ઞાની' છે એમ માને નહિ પોતાને ડાહ્યો માને એટલે તેને તો અજ્ઞાન ટાળવાનું બને જ કયાંથી ? પણ જીવનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર ( લૌકિક કેળવણી ગમે તેટલી લીધી હોય તોપણ ) જીવ અંશમાત્ર સુખી થાય નહિ, અને સમયે સમયે અનંત દુઃખ ભોગવે. બહારની સગવડથી પોતે પોતાને સુખી માને પણ તેથી કાંઇ ખરું સુખ આવી જાય નહિ, કેમકે પોતાના સ્વરૂપની અણસમજણ 'અજ્ઞાન' તો ઊભું જ છે તે જ દુષ્કૃત છે.

૫. 'કર્યો અતિશય ક્રોધ' એ પદમાં ગંભીર મર્મ છે. પોતાના સ્વરૂપની અરુચિ તે જીવનો 'અતિશય ક્રોધ' છે. જીવ તે ટાળે નહિ ત્યાંસુધી પોતે સુખી થાય નહિ અને સાચું મિચ્છામિ દુક્કડં પોતાને થાય નહિ.

૬. પરંતુ હું કરી શકું, પર મારું કરી શકે, પુણ્યથી ધર્મ થાય, પુણ્ય ધર્મમાં સહાયક થાય એ માન્યતા તે સંસારનું બીજ છે. તે 'દુષ્કૃત' પ્રત્યે જ્યાં સુધી હેય બુદ્ધિ આવે નહિ ત્યાંસુધી પર પ્રત્યેનું મમત્વ અભિપ્રાયમાંથી પણ છૂટે જ નહિ માટે દુષ્કૃતને મિથ્યા કરવા માટે આત્માનું સાચું સ્વરૂપ પોતે યથાર્થ જાણવું જોઈએ.

૭. જ્યારે જીવ પોતાનું યથાર્થ સ્વરૂપ સમજે ત્યારે જ તેને **સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શનનું પ્રગટ કરવું તે મિથ્યાત્વના પ્રતિક્રમણની સાચી ક્રિયા છે.** [ આત્મા અને જીવ એ શબ્દોનો એક જ અર્થ થાય છે એમ સમજવું. ]

૮. સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે જ ભૂતકાળમાં કરેલા ભાવકર્મના નિમિત્તે આવેલા દ્રવ્ય કર્મોને મિથ્યા કરનારું સાચું પ્રતિક્રમણ

થાય છે. જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે તે મિથ્યાદર્શનનું પ્રતિક્રમણ છે. સમ્યગ્દર્શન પ્રગટ કરી પોતાના સ્વરૂપમાં લીન થઇ ચૈતન્ય સ્વરૂપ આત્માના અનુભવમાં સ્થિર થાય તે મિથ્યાચારિત્રનું પ્રતિક્રમણ છે. આ યથાર્થ પ્રતિક્રમણ ખરું 'મિચ્છામિ દુક્કડં' છે. તે ધર્મનું સાચું અંગ છે, એમ સમજવું.

૯. પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થતાં, પૂર્વે કરેલાં દુષ્કૃતોનું મિથ્યાપણું શી રીતે થાય છે?

ઉત્તરઃ– 'મિથ્યા' કહેવાનું પ્રયોજન એ છે કે–જેમ કોઇએ પહેલાં ધન કમાઇને ઘરમાં રાખ્યું હતું પછી તેના પ્રત્યેનું મમત્વ છોડયું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો; તે વખતે ભૂતકાળમાં જે ધન કમાયો હતો તે નહિ કમાયા સમાન જ છે; તેમ જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને તેના પ્રત્યેનું મમત્વ છોડયું અને તેના ફળમાં લીન ન થયો ત્યારે ભૂતકાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે. આ ભાવે પૂર્વનું 'દુષ્કૃત' મિથ્યા થઇ શકે છે. તે ભાવને સાચું 'મિચ્છામિ દુક્કડં' કહેવામાં આવે છે.

૧૦ પ્રશ્નઃ– સમ્યગ્દર્શન પ્રથમ શા માટે પ્રાપ્ત કરવું? સમ્યગ્દર્શન પામવું અમને કઠણ લાગે છે. અમે વ્રત પાળીએ, જપ કરીએ, તપ કરીએ, ઘરબાર છોડી ચારિત્ર ગ્રહણ કરીએ તો ધર્મ ન થાય?

ઉત્તરઃ– રત્નત્રયમાં સમ્યગ્દર્શન જ મુખ્ય છે. સમ્યગ્દર્શન થવાથી સમ્યગ્જ્ઞાન અને સમ્યકચારિત્ર થઈ શકે છે, **સમ્યગ્દર્શન વિના નહિ જ.** સમ્યગ્દર્શન વિના બધું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે અને ચારિત્ર બધું મિથ્યાચારિત્ર છે. સમ્યગ્દર્શન વિના વ્રત, જપ, તપ આદિ પણ બધું વ્યર્થ છે. માટે મનુષ્ય જન્મ પામીને **સર્વથી પહેલું** સમ્યગ્દર્શન ધારણ કરવું જોઇએ (જુઓ પ્રબોધસાર શ્રાવકાચાર પા. ૯)

૧૧ પ્રશ્નઃ– તત્ત્વનિર્ણયરૂપ ધર્મ માટે કોણ યોગ્ય છે?

ઉત્તરઃ– તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળ, વૃદ્ધ, રોગી, નિરોગી, ધનવાન, નિર્ધન, સુક્ષેત્રી, તથા કુક્ષેત્રી ઇત્યાદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે. જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે તો **સર્વેથી પહેલાં** આ તત્ત્વ નિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે.

તેથી જેને સાચા ધર્મી થવું હોય તેણે તો જ્ઞાનીના તથા શાસ્ત્રના આશ્રયે તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે. પણ જે તત્ત્વનિર્ણય તો નથી કરતો અને પૂજા સ્તોત્ર દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ આદિ બધાય કાર્યો કરે છે તેનાં એ બધાયે કાર્યો અસત્ય છે. માટે આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે.

## દ્રષ્ટિભેદ

સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાત્વી બન્ને બહારમાં સમાન ક્રિયા કરે છે. દાન–ભક્તિ આદિ સમાન કરે છે, બન્નેને શુભભાવ છે—છતાં અંદરની દ્રષ્ટિમાં ફેર હોવાથી બન્નેને જુદી જુદી જ જાતના પુણ્ય બંધાય છે. મિથ્યાત્વીને અંદર પુણ્યની રુચિ અને કર્તાપણું છે તેથી તેને પાપાનુબંધી પુણ્ય બંધાય છે, અને સમ્યગ્દ્રષ્ટિને અંદરમાં પુણ્યનો નકાર વર્તે છે. શુદ્ધભાવનું જ લક્ષ છે તેથી તેને એવા ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય છે કે જેના ફળમાં સત્સ્વરૂપ સમજવાના ઉત્કૃષ્ટ નિમિત્ત મળશે. **આ રીતે ક્રિયા સમાન હોવા છતાં દ્રષ્ટિ ભેદે ફળમાં પણ ભેદ પડે છે.** (રાત્રિ ચર્ચામાંથી)

## નિઃશંકતા

જેનું વીર્ય ભવના અંતની નિઃસંદેહ શ્રદ્ધામાં નથી વર્તતું, અને હજી ભવની શંકામાં વર્તે છે તેના વીર્યમાં અનંતા ભવ કરવાનું સામર્થ્ય પડયું છે.

ભગવાને કહ્યું છે કે– 'તારા સ્વભાવમાં ભવ નથી' અને જો તને ભવની શંકા પડી તો તેં ભગવાનની વાણીને કે તારા ભવરહિત સ્વભાવને માન્યો નથી. જેનું વીર્ય હજી ભવરહિત સ્વભાવની નિઃસંદેહ શ્રદ્ધામાં પણ નથી વર્તી શકતું, ભવી છું કે અભવી તેની પણ જેને શંકા વર્તે છે; તેનું વીર્ય વીતરાગની વાણીનો નિર્ણય કેમ કરી શકશે? અને વીતરાગની વાણીના નિર્ણય વિના તેને પોતાના સ્વભાવની ઓળખાણ કેમ થશે? માટે પહેલાં તો ભવરહિત સ્વભાવની નિઃશંકતા લાવો.

નિશ્ચયથી શુભ ભાવ પણ ઝેર છે, આત્માના ગુણને રોકનાર છે તેથી

# આત્માના ગુણને રોકે તે ભાવને ભલો માનવો એ મહા પાપ છે.

પૂજ્ય સદ્‌ગુરુદેવનું તા. ૧૭-૬-૪૪નું નિયમસાર ઉપર વ્યાખ્યાન

ઉત્કૃષ્ટ સમાધિ મરણની વિધિની વાત છે. નવે પદાર્થોમાં ઉત્તમ વસ્તુ એવો જે આત્મા તેના નિરાવલંબી સ્વરૂપમાં ઠરી જતાં દેહ છૂટી જવો તે સમાધિમરણ છે.

અધ્યાત્મિક ભાષાની અપેક્ષાથી એટલે અંતરના કથનથી ‘હું ધ્યાન કરું છું, ધ્યાતા છું કે ધ્યેયનું લક્ષ રાખું.’ એવા કોઇ વિકલ્પથી રહિત થઇને નિર્મળ સ્વભાવનો આશ્રય કરીને, સર્વથા આત્મસન્મુખ થઇને, ઇન્દ્રિય અને મનથી સંપૂર્ણ અગોચર એવો જે આત્મા તેનું ધ્યાન કરીને, વિભાવ અને વિકલ્પથી ખસીને અંદર ઠર્યો એને જ ઉત્તમાર્થ પ્રતિક્રમણ જાણવું જોઇએ.

જેટલું ઇન્દ્રિય અને મનનું અવલંબન હોય તેટલો આત્મધર્મ નથી, ઇન્દ્રિય કે મનના અવલંબનથી જે જણાય તે બધું પર જણાય, તથા જે કાર્ય થાય તે બધો વિકાર છે. ઇન્દ્રિય અને મનના અવલંબનથી જેટલો છૂટયો તેટલો ધર્મ છે. ઇન્દ્રિય અને મન હોય તે તેના કારણે, પણ આત્માને સમજવા માટે તેનું અવલંબન ત્રણ કાળ ત્રણ લોકમાં નથી–આ ત્રિકાળી સિદ્ધાંત છે.

દેવ, ગુરુ અને શાસ્ત્ર તે બધાં પર છે. તેના બોધ પર લક્ષ જાય તે બધો રાગ છે. તેમાં ઇન્દ્રિય અને મનનું અવલંબન આવે છે. આત્માનો બોધ પરના અવલંબન રહિત સ્વાશ્રયે થાય છે. જેટલો સ્વાશ્રય તેટલો જ ધર્મ છે.

નિશ્ચય–ઉત્તમાર્થ પ્રતિક્રમણ તો પોતાના આત્માને જ આશ્રયે છે. ઇન્દ્રિય અને મન હોય તેની સાથે સંબંધ નથી. કેવળીને પણ ઇન્દ્રિય અને મન હોય છે–પણ તેનું અવલંબન નથી. ઇન્દ્રિય અને મન તરફના લક્ષે જે ભાવ થાય તે બધાં ઝેર છે, શુભભાવ પણ ઝેર છે. પરથી જુદા આત્માના સ્વભાવનો જેટલો નિશ્ચય કર્યો તેટલો ધર્મ છે. જુદાપણાના ભાનથી જ જુદાની શરૂઆત થાય છે, ભેગું માને તો જુદાની શરૂઆત થાય નહિ.

લોકો કહે– ‘મૂંઝવણ થાય તેવી વાત છે.’ તો એ વાત જ ખોટી છે, જો સાચી મૂંઝવણ થાય તો સમજણનો માર્ગ લીધા વિના રહે જ નહિ, તેથી ખરેખર તો સાચી મૂંઝવણ જ થતી નથી. મૂંઝવણ થાય તો સાચા ઉપાય દ્વારા માર્ગ કાઢયા વિના રહે નહિ.

નિમિત્ત તરફનું વલણ તે બધો રાગ છે, સમ્યક્‌મતિ કે સમ્યક્‌શ્રુતજ્ઞાન પણ ઇન્દ્રિય કે મનના અવલંબને નથી. આત્માના જ આશ્રયે છે.

નિશ્ચય ઉત્તમાર્થ પ્રતિક્રમણ આત્માને જ આધારે છે, તે નિશ્ચય ધર્મધ્યાન તથા શુક્લધ્યાનમય છે; તેથી આત્મા અમૃત કુંભ છે, અમૃતથી ભરેલો સુંદર કળશ છે, ઇન્દ્રિયો તથા મનથી પાર છે, જેટલું ઇન્દ્રિય અને મનના અવલંબને પર તરફ લક્ષ જાય તે બધું ઝેર છે. આત્માના ભાન પછી પણ પરદ્રવ્યના આશ્રયે જેટલો ભાવ થાય તે બધો ઝેર છે– આત્માના અમૃતકુંભને રોકનાર છે.

જ્ઞાનીને રાગ વિકલ્પ થાય છતાં ‘રાગ મારું સ્વરૂપ નહિ, મનનું અવલંબન નહિ, વિકલ્પ નહિ, હું તો સ્વરૂપ–શુદ્ધ પવિત્ર છું.’ એવું જે નિશ્ચયનું ભાન તે અમૃત છે, તથા જે જ્ઞાનીના વ્યવહારું પ્રતિક્રમણ તે પણ ઝેર છે. અંતર સ્વરૂપમાં દ્રષ્ટિ હોવા છતાં જેટલું અવલંબન પરાશ્રયે જાય તે બધો રાગ છે, ઝેર છે.

આત્મા પરથી નિરાળો ‘સહજાનંદ સહજ સ્વરૂપ’ છે, એવા ભાન પછી સ્થિર ન રહી શકે ત્યારે વચ્ચે વ્યવહારું પ્રતિક્રમણ આવે તે બધો ઝેરથી ભરેલો વિષકુંભ છે, અમૃત સ્વરૂપમાંથી ખસીને તે થાય છે. જ્યાં જ્ઞાનીના વ્યવહાર પ્રતિક્રમણને પણ ઝેર કહ્યું છે, ત્યાં અજ્ઞાનીનાં વ્યવહારાભાસ પ્રતિક્રમણ તો ઝેર હોય જ, એમાં કહેવાનું શું ?

આત્માના ભાન પછી સ્થિરતા પહેલાં વચ્ચે શુભભાવ આવે તે પણ ઝેર! તે બધાથી રહતિ આત્માના સ્વરૂપમાં સ્થિરતા તે જ અમૃત છે. શુભભાવને ઝેર કહ્યાં તેથી અજ્ઞાનીને **શુભ છોડીને અશુભમાં જવાનું કહેતાં નથી, પણ શુભભાવમાં ધર્મ માનવાની ના પાડે છે.** જ્ઞાનીને પણ શુભભાવ આવે, પણ તેનાથી ધર્મ નથી; તે ઝેર છે. આત્મા ત્રિકાળ સહજ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે તેના ભાનમાં સમકિતી જ્ઞાનીને ચોથે–પાંચમે–છઠ્ઠે ગુણસ્થાને જે શુભ વિચારણા આવે તે બધાં ઝેર છે. 'ખોટી શ્રદ્ધા છોડું–કુદેવાદિ તરફનું લક્ષ છોડું અને સાચા દેવગુરુની શ્રદ્ધા કરું' એવો વિકલ્પ પણ ઝેર છે.

શ્રી સમયસારમાં કહ્યું છે કેઃ–

"पडिकमणं पडिसरणं पडिहरो धारणा णियत्ती य।।
णिंदा गरहा सोही अट्ठविहोहोदि विसकुंभो" ।।३०६।।

પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ એ આઠે પ્રકાર ઝેર છે.

૧–પ્રતિક્રમણઃ– અશુભથી પાછા ફરીને શુભમાં આવવું તે.
૨–પ્રતિસરણઃ– સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા થવી, મિથ્યાશ્રદ્ધા છોડું અને સમ્યક્શ્રદ્ધા કરું એવી ભાવના થવી તે.
૩–પરિહારઃ– મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ કરવાનો વિકલ્પ.
૪–ધારણાઃ– નમસ્કાર મંત્રોનો જાપ, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યના અવલંબનવડે ચિત્તની સ્થિરતા કરવાનો વિકલ્પ.
૫–નિવૃત્તિઃ– વિષય–કષાયાદિની ઇચ્છામાં વર્તતા મનને પાછું વાળું એવો વિકલ્પ.
૬–નિંદાઃ– આત્મ સાક્ષીએ દોષને પ્રગટ કરું, દોષની નિંદા કરું એવો ભાવ.
૭–ગર્હાઃ– ગુરુસાક્ષીએ દોષને પ્રગટ કરું એવો–ભાવ.
૮–શુદ્ધિઃ– દોષ થયા હોય તેનું પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરું એવો ભાવ.

ઉપરના આઠે બોલ તે ઝેર છે. **જ્ઞાનીની અંતરદ્રષ્ટિમાં બધા રાગનો નકાર કરીને વચ્ચે (અસ્થિરતામાં)** જે શુભ વિકલ્પ આવી જાય તે ઝેર છે.

પ્રશ્નઃ– શરૂઆતમાં તો શુભભાવથી લાભ થાય ને?

ઉત્તરઃ– શુભભાવથી આત્માને લાભ થાય જ નહિ. પહેલેથી જ શુભભાવ બધો ઝેર છે. મહાવ્રત પાળવાના વિકલ્પ સુધીના બધા **શુભભાવ ત્રણલોકના તીર્થંકરદેવથી માંડીને બધા જ્ઞાનીને પણ ઝેર છે,** અજ્ઞાનીની તો અહીં વાત જ નથી. શરૂઆતમાં પણ શુભરાગ મદદગાર છે એમ માને તો તે મહાપાપી છે.

શ્રી યોગસારમાં કહ્યું છે કેઃ–

દોહરો
પુણ્ય પુણ્યને સૌ કહે, પાપ કહે સૌ પાપ;
પંડિત અનુભવી જન, કહે પુણ્ય પણ પાપ.

પુણ્યને પુણ્ય તો બધા કહે છે, તથા પાપને બધા પાપ કહે છે; પણ જ્ઞાનીઓ નિશ્ચયથી તો શુભભાવને પણ પાપ કહે છે. શુભભાવથી આત્માને પરંપરાએ લાભ થાય એમ માન્યું તે નિશ્ચયથી નિગોદ ગતિ જ છે.

પ્રશ્ન :– શાસ્ત્રોમાં તો સમ્યગ્દ્રષ્ટિના શુભભાવને ધર્મનું પરંપરા કારણ કહ્યું છે ને?

ઉત્તર :– ત્યાં એવી અપેક્ષાએ વાત છે કે–આત્માના અંતર સ્વરૂપના ભાનમાં જ્ઞાનીને સર્વ શુભાશુભનો નકાર વર્તે છે, ત્યાં વર્તમાન અસ્થિરતાના કારણે, અશુભને છેદવા માટે શુભરાગ આવે છે, પણ દ્રષ્ટિમાં તેનો નકાર વર્તે છે, તેથી અલ્પકાળમાં સ્થિરતાદ્વારા તે **શુભને છેદીને વીતરાગ થઈ જવાનો છે,** તે અપેક્ષાએ શુભને પરંપરાએ ધર્મનું કારણ કહ્યું છે. 'પરંપરા' નો અર્થ 'ક્રમેક્રમે તેનો છેદ કરીને' એવો છે; સમકિતીને શુભભાવની કર્તાપણાની બુદ્ધિ નથી, છતાં વચ્ચે આવે છે **તે અસ્થિરતા છે માટે ઝેર છે,** તે શુભને સ્થિરતા દ્વારા છેદશે ત્યારે **'શુભનો અભાવ સ્થિરતામાં કારણરૂપ થશે'** 'શુભને પરંપરાએ કારણ કહ્યું હોય ત્યાં ઉપર પ્રમાણે સમજવું.

નિશ્ચયથી શુભભાવ પણ ઝેર છે, આત્માના ગુણને રોકનાર છે. આત્માના ગુણને રોકે તે ભાવને ભલો માનવો એ મહાપાપ છે. વચ્ચે શુભ કે અશુભ ભાવ આવે તે બન્નેનો જ્ઞાનીને નકાર વર્તે છે. જે શુભભાવને પોતાનું કર્તૃત્વ માને–મદદગાર માને તેને મહાપાપી કહ્યો છે, ત્યાં પછી અશુભભાવ

કરવા જેવો માને તેની તો વાત ક્યાં રહી?

શુભાશુભ બધા ભાવો બંધના જ કારણ છે, સમયસારજીમાં કહ્યું છે કેઃ–

'यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत् किं प्रमाद्यति जनः प्रपतन्न धोऽधं किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।। १८९।।

અહીં નિશ્ચયનયથી શુભભાવને ઝેર કહ્યાં, તેથી કોઇ અજ્ઞાની ઊંધું સમજીને શુભને છોડીને અશુભમાં જાય, તો તેવા અજ્ઞાનીને સમજાવવા માટે આચાર્યદેવ કહે છે કેઃ– જ્ઞાનીને અંતરમાં સ્વરૂપનું ભાન છે, પણ હજી સ્થિર રહી શકતો નથી, ત્યારે શુભભાવમાં આવે છે, તે શુભભાવને ઝેર કહ્યાં છે, અને તે શુભભાવ છોડીને સ્વરૂપમાં સ્થિર થવાનું કહ્યું છે, પણ **શુભભાવ છોડીને અશુભમાં જવાનું તો વ્યવહારે પણ કહ્યું નથી.** જ્યાં આત્માના ભાનસહિત શુભભાવરૂપ વ્યવહારું પ્રતિક્રમણને પણ ઝેર કહ્યું છે તો જેને વ્યવહાર કે નિશ્ચય બેમાંથી એકે પ્રતિક્રમણ નથી અને એકલા અશુભમાં જ ઊભો છે તેને અમૃત કોણ કહેશે?

આ આત્માના ઘરની વાત છે. તે અનાદિના અપરિચયને લીધે અઘરી લાગે, પણ અઘરી છે નહિ, જેમ નટને દોરી ઉપર થાળીમાં ઊંધે માથે અને ઊંચે પગે ચાલવું તે સરળ છે, તેના અનુભવને કારણે તે કામ તેને જરાય મુશ્કેલીવાળું લાગતું નથી, પણ બીજાને તે કામ અઘરું લાગે છે, તેમ **આત્માનો ધર્મ પણ સહજ છે;** પણ અનાદિથી તેનો પરિચય નથી તેથી અઘરું લાગે છે, પણ પરિચય કરે તો સહજ છે. મુશ્કેલ નથી.

આત્માનો સ્વભાવ ઓળખ્યા પછી તેમાં ઠરી શકતો નથી ત્યારના શુભભાવને ઝેર કહ્યું છે. – અહીં શુભભાવને ઝેર કહ્યું છે તેથી કાંઇ શુભ છોડીને અશુભ કરવાનું કહ્યું નથી; પણ શુભ અને અશુભ બન્ને ઝેર છે, આત્માનું સ્વરૂપ જ અમૃત છે તેથી શુભને છોડીને સ્વરૂપમાં ઠરી જવાનું કહ્યું છે.

શ્રી સમયસાર કલશ–૧૮૯માં અમૃતચંદ્રાચાર્ય દેવ આશ્ચર્યથી કહે છે કેઃ–

**'અરે! સ્વરૂપની સ્થિરતા કરાવવા માટે અમે શુભ છોડવાનું કહીએ છીએ, અને એ રીતે અમે આ પ્રાણીને આગળ આગળ લઈ જવા માંગીએ છીએ; તેને બદલે આ પ્રાણી (અજ્ઞાની જીવ) પ્રમાદી થઇને નીચે નીચે કેમ પડતા જાય છે?'**

'શુભભાવથી ધર્મ નથી' એમ કહીને ધર્મના સ્વરૂપની ઓળખાણ આપી છે કે શુભભાવમાં ધર્મની માન્યતા છોડી દે. 'શુભભાવમાં છોડી દઇને અશુભ કર' એમ કહ્યું નથી. નિર્મળ પર્યાય અંતરમાંથી પ્રગટે છે, બહારના આશ્રયે આવતી નથી. શુભભાવ બધો પરના આશ્રયે થાય છે, તેમાં ધર્મ નથી.

'શુભથી ધર્મ નહિ થાય માટે અશુભ કરજે' એમ કહેતાં નથી, છતાં કોઇ ઊંધું માનીને અશુભમાં જાય તો સ્વતંત્ર છે. અનંતકાળે દુર્લભ આ મનુષ્ય દેહમાં નહિ સમજે તો ક્યારે સમજશે? આ સમજ્યા વગર જન્મ–મરણનો અંત નહિ આવે! ધર્મ નહિ પામે! શુભભાવ કરે, તો એવા શુભભાવ તો અનંતવાર કરી ચૂક્યો. એવા ઊંચા શુભભાવ કર્યા કે તેના ફળમાં નવમી ગ્રૈવેયકે અનંતવાર જઇ આવ્યો, એવા ઊંચા શુભભાવ વર્તમાનમાં ભરતક્ષેત્રે તો કોઈ કરી શકે નહિ, એ બધા શુભભાવ કર્યા છતાં આત્માના ભાન વગર જન્મ મરણ ટળ્યા નહિ; કેમકે ધર્મનો અને પુણ્યનો બન્નેનો માર્ગ જુદો છે.

આચાર્ય કહે છે કેઃ– અમે શુભ છોડવાનો ઉપદેશ સ્વરૂપમાં સ્થિરતા કરાવવા આપ્યો છે, તો વ્યવહાર પ્રતિક્રમણ છોડીને સ્વરૂપમાં સ્થિરતા કેમ કરતા નથી? શુભ કરતાં કરતાં શુદ્ધ થાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં થતું નથી, પણ શુભનો અભાવ કરતાં શુદ્ધ થાય છે. અશુભની તો અહીં વાત જ નથી.

**અહીં તો જન્મ મરણનો અંત લાવવાની અપેક્ષાએ વાત છે, અહીં તો ધર્મ બતાવવો છે. તેમાં શુભ કે અશુભ બન્ને ઝેર છે.**

'વીતરાગે કહેલો વ્યવહારનો માર્ગ × નવપ્રકારે મેં કદી કર્યો જ નથી.' આવી ભાવના કરે છે ત્યારે પણ વિકલ્પ તો વર્તે છે, છતાં દ્રષ્ટિમાં નકાર વર્તે છે.

---

નવ પ્રકાર આ પ્રમાણે છે.

× (૧) શુભભાવ મનથી કર્યાં નથી (૨) કરાવ્યા નથી (૩) અનુમોદ્યાં નથી. (૪) વચનથી કર્યાં નથી (૫) કરાવ્યાં નથી (૬) અનુમોદ્યાં નથી (૭) કાયાથી કર્યાં નથી (૮) કરાવ્યાં નથી (૯) અનુમોદ્યાં નથી.

❀ તમારી નકલ પાંચને વંચાવો. ❀

જ્યારે ધર્મની વાત ચાલતી હોય ત્યારે શુભ–અશુભ બન્ને છોડવાનું આવે, અને જ્યારે કોઇને અશુભથી છોડાવવા પૂરતી વાત હોય ત્યારે કહેવાય કે–ભાઈ! આ પાપભાવ છોડીને શુભભાવ કર, તેથી તને લાભ થશે. ત્યાં શુભથી ખરેખર તો લાભ નથી, પણ પ્રથમ અશુભથી છોડાવવા શુભ કરવા કહ્યું છે. અશુભના ત્યાગ પૂરતો શુભભાવ વ્યવહારે ઉપાદેય છે, વ્યવહારે ઉપાદેય છે એટલે નિશ્ચયથી (ખરેખર) ઉપાદેય નથી. જે અશુભમાં ઊભો છે તેને પહેલાં અશુભથી છોડાવીને પછી શુભ–અશુભ બન્ને છોડાવે છે. અશુભથી છૂટીને શુભ કરવામાં વધારે પુરુષાર્થ નથી, અશુભ છોડીને શુભના ફળમાં સ્વર્ગમાં અનંતીવાર જીવ જઇ આવ્યો છે. નરકના ભવ કરતાં સ્વર્ગના ભવ અનંતવાર જીવ કરી આવ્યો છે; અહીં ધર્મની વાતમાં તો શુભ–અશુભ બન્ને છોડવાની વાત છે, શુભ છોડવામાં અનંતો પુરુષાર્થ છે.

આ નિયમસારની જ ૫૦ મી ગાથાની ટીકામાં આવ્યું કેઃ– જેટલી મોક્ષમાર્ગ–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાય તે પણ વ્યવહારે આદરણીય છે, નિશ્ચયથી તો શુદ્ધ સ્વરૂપ જ આદરણીય છે.

મોક્ષમાર્ગ વ્યવહારે આદરણીય છે એટલે નિશ્ચયથી આદરણીય નથી.

હવે તો બધું ખુલ્લું મૂકાઇ ગયું છે, અપ્રગટ કાંઇ રાખ્યું જ નથી. ત્રિકાળ સત્ય વાત ખુલ્લે ખુલ્લી બહાર મૂકાઇ ગઇ છે. માર્ગ સહેલો અને સીધો સટ છે. સમકિતથી તે કેવળજ્ઞાન સુધી વચ્ચે કયાંય મૂંઝવણ જ નથી, સરળ માર્ગ છે, સંસાર અને આત્મા બે કટકા થઇ જાય એવો નિશ્ચય માર્ગ છે.

ટીકાકાર કહે છે કેઃ–

आत्म ध्यानाद परमखिलं घोर संसारमूलं ध्यान ध्येय प्रमुख सुतपः कल्पना मात्र रम्यम्।
बुद्ध्वा धीमान् सहज परमान्द पीयूष पूरे निर्मज्जन्तं सहज परमात्मानमेकं प्रपेदे।।

આત્માના ધ્યાન સિવાય બીજા બધા ધ્યાન ઘોર ભયાનક સંસારનું કારણ છે. ધ્યાન–ધ્યેય વગેરેના વિકલ્પરૂપ તપ એટલે કે 'હું ધ્યાન કરું છું, હું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છું' એવા બધા વિકલ્પ તે કહેવા માત્ર સુંદર છે, એટલે કે ખરેખર તો તેમાં કાંઇ માલ નથી. આત્માના આનંદ સ્વરૂપના સ્વાશ્રય, વ્યવહારનયનો બધો વિષય વ્રત, તપ, નિયમના બધા વિકલ્પ કલ્પના માત્ર રમ્ય (સુંદર) છે–નિશ્ચયથી તેમાં કાંઇ લાભ નથી. વ્યવહારે લાભ છે એમ કહેવાય, પણ **વ્યવહાર દ્રષ્ટિ જ મિથ્યા દ્રષ્ટિ છે, નિશ્ચય દ્રષ્ટિ જ સાચી દ્રષ્ટિ છે.** ભંગભેદ બધો વ્યવહાર છે તેમાં લાભ માનવો તે અજ્ઞાન છે. સાચી સમજણ એ જ ધર્મ છે, વચ્ચે કાંઇ પણ ગોટો ઘાલ્યો તો કયાંય ઉદ્ધારનાં ટાણાં નથી.

ટીકાકારની ભાષા કડક છે, થડક ખાધા વિના ચોકખું કહી દીધું છે.

આ સમજીને બુદ્ધિમાન પુરુષો સ્વાભાવિક પરમ આનંદરૂપી અમૃતથી ભરેલા સમુદ્રમાં ડૂબેલા પરમ ઉત્કૃષ્ટ એકરૂપ સહજ સ્વાભાવિક આત્મા તેનો અનુભવ કરે છે.

સહજ! સહજ! આ સહજ શબ્દ તો હજારો વાર વાપર્યો છે. હઠથી થતું નથી પણ સ્વરૂપથી જ સહજ છે. સહજ કહ્યું તેમાં પુરુષાર્થ નથી એવો અર્થ થતો નથી, પણ પુરુષાર્થમાં સહજ છે. હઠથી થતું નથી. એવા અર્થમાં આચાર્યે 'સહજ' શબ્દ વારંવાર વાપર્યા છે.

સાચું જ્ઞાન મૂંઝવણ થવા દે નહિ, નીકાલ (સમાધાન) કરી નાખે; રાગ વખતે રાગનાં નિમિત્ત હોય ખરા, પણ રાગને કારણે નિમિત્ત આવ્યાં નથી કે નિમિત્તને કારણે રાગ થયો નથી. સમ્યગ્દ્રષ્ટિને પૂર્ણ વીતરાગતા થતાં વચ્ચે શુભરાગ આવે ખરો, પણ તેનાથી જે ધર્મ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. વ્રત–તપ બધો રાગ છે, તે અસ્થિરતા છે, અસ્થિરતા સુંદર નથી.

સાચી શ્રદ્ધાથી આ વાત ન સમજે ત્યાંસુધી જન્મ–મરણનો અંત તો ન આવે, પણ વર્તમાનમાં ય સમાધિમરણ તેને ન થાય. સાચું ભાન હોય તેને મરણ ટાણે સ્વરૂપની રમણતામાં પંડિતમરણ થાય જ. મરણના

ટાણાં આવે ત્યારે જ્ઞાની સ્વભાવની શાંતિના સડકા લેતા હોય અને દેહ છૂટી જાય; બહારમાં ભલે રોગ આવે, પણ અંદર સ્વરૂપની સ્થિરતાથી ખસે નહિ. અને અજ્ઞાનીને મરણનાં ટાણાં આવશે ત્યારે દેહ ઉપરના લક્ષથી તે રોતાં રોતાં મરશે. જ્ઞાની સ્વરૂપની ભાવનાને રગડતાં રગડતાં જ્યાં વિકલ્પ છુટી ગયો ત્યાં દેહ છુટી જાય છે, અહીં નિર્વિકલ્પ દશા સહિત પંડિતમરણની વાત છે, તેથી છટ્ઠે ગુણસ્થાને–વિકલ્પ સહિત દશામાં દેહ ન છૂટે પણ સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પદશામાં ઠરતાં દેહ છૂટી જાય છે તે સમાધિ મરણ અહીં લીધું છે, અહીં ઉત્કૃષ્ટ પંડિત મરણની વાત લીધી છે.

દેહના સંયોગ સાથે જ વિયોગ નિશ્ચયથી છે એવું વિયોગ પહેલાં ભાન વર્તે છે. સ્વરૂપની સ્થિરતામાં અંદર ચૈતન્ય ગોળો છૂટો પડયો ત્યાં દેહ છૂટી જાય છે એ સમાધિ મરણ છે. ધ્યાન–ધ્યેય ભેદ પડે તે પણ નહિ, પંડિત મરણ વખતે શુભથી છૂટી જઇને–બધા વિકલ્પથી છૂટી જઇને અંદર ઠરી ગયો તે જ ઉત્કૃષ્ટ ઉત્તમાર્થી પ્રતિક્રમણ છે. ઉત્કૃષ્ટની જ વાત લીધી છે, પુરુષાર્થની ખામીની વાત જ લીધી નથી. સ્વરૂપના આનંદમાં રમતા રમતા જાય છે, દેહની ખબર પણ નથી, દેહ છોડતાં સ્વરૂપનો વધારે આનંદ છે, પર ઉપરનું લક્ષ છોડીને સ્વરૂપમાં ઠરવાના બીજ વાવ્યાં છે, તેથી મરણ ટાણે તેના ફળરૂપે સ્વરૂપના આનંદમાં રમતાં રમતાં દેહ છૂટી જાય છે. આ જ ઉત્કૃષ્ટ પંડિત મરણ છે.

## પરમપૂજ્ય સદ્‌ગુરુદેવની અમૃતવાણી

૧ કર્મ જડ છે–આત્મા ચેતન છે, બન્ને વસ્તુ ભિન્ન છે. કર્મ અને આત્મા એકક્ષેત્રે ભેગાં હોવા છતાં કર્મ આત્માને કે આત્મા કર્મને–કોઇ એક બીજાને–ગતિ કરાવતાં નથી. પણ બન્ને પોતપોતાના સ્વતંત્ર ઉપાદાન કારણે જાય છે.

૨ શુભભાવ તે સમય પૂરતા અશુભ ભાવને ટાળી શકે છે–પણ જન્મમરણને ટાળી શકતાં નથી.

૩ નિમિત્ત એટલે વ્યવહાર માત્ર અર્થાત્ ખોટું. ( મીંદડીને વાઘ કહેવા જેવું ઉપચારમાત્ર )

૪ આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાનમય જ છે, છતાં અનાદિથી અજ્ઞાનરૂપ–અશુદ્ધ માનતો આવે છે; તોપણ સ્વરૂપ તો ત્રિકાળી શાંત અવિકારી શુદ્ધ જ છે, અવસ્થા પૂરતો જેટલો વિકાર કરે તેટલો ( અવસ્થામાં ) અશુદ્ધ છે. આત્મામાં વિકાર કરવાની યોગ્યતા છે–પણ સ્વભાવ નથી. તે યોગ્યતા પોતે ફેરવી નાખે તો અવિકારી સ્વરૂપ જ છે. જે સ્વરૂપે છે તે સ્વરૂપે પોતાને જોયો નહિ અને પરરૂપે માન્યો તે જ વિકાર છે. માનનારો તે ઊંધી માન્યતા ફેરવી નાખે તો શુદ્ધ અવિકારી જ છે.

૫ આત્મા એકવાર પર્યાયે શુદ્ધ થાય તો ફરી કદી અશુદ્ધતા થાય નહિ. તેથી બે વાત નક્કી થાય છે કે આત્મા સ્વભાવે અનાદિ અનંત શુદ્ધ છે, પણ પર્યાયે અનાદિથી અશુદ્ધ છે, અને તે અશુદ્ધતા ટળી શકે છે.

૬ ચોથો કાળ હોય કે પંચમ કાળ હોય, મહાવિદેહમાં હો કે ભરતમાં હો, ગમે ત્યાં હો–પણ સત્ય સમજવામાં તારા પુરુષાર્થની જરૂર તો પહેલી જ પડવાની !

૭ દ્રષ્ટિમાં જ સંસાર અને દ્રષ્ટિમાં જ મોક્ષ. દ્રષ્ટિની ભૂલમાં સંસાર–ભૂલ ટળ્યે મોક્ષ. અખંડ ચિદાનંદ એકરૂપ ધ્રુવ સ્વભાવ ઉપરની દ્રષ્ટિ એ જ સમ્યગ્દર્શન–જ્ઞાન અને ચારિત્રની નિર્મળ દશાનું કારણ છે.

૮ વસ્તુની પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ નક્કી થતાં "મારી પર્યાય મારામાંથી જ ક્રમબદ્ધ પ્રગટે છે." એવી શ્રદ્ધા થઇ અને તેથી પોતાની પર્યાય માટે કોઇ પર તરફ જોવાનું રહ્યું નહિ–એટલે–સ્વદ્રવ્ય ઉપર જ દ્રષ્ટિ જતાં અલ્પકાળમાં પૂર્ણ નિર્મળ પર્યાય ઊઘડી જ જવાની.

૯ રે ! મૂર્ખ ! ક્ષણિક દેહની ખાતર અવિનાશી આત્માને ન ભૂલ. તારામાં ભિન્નતાનું એટલે સુધી ભાન હોવું જોઇએ કે "દેહ તો કાલે પડતો હોય તો ભલે આજે પડો ! દેહ મારું સ્વરૂપ છે જ નહિ હું તો અશરીરી સિદ્ધ સ્વરૂપ છું."

# સંવત્સરી પ્રતિક્રમણ સંબંધે ગંભીર સંવાદ

**જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ ભૂલ્યો છે માટે તે ભૂલથી પાછું ફરવું-પોતાનું યથાર્થ સ્વરૂપ સમજવું એ પ્રતિક્રમણ છે.**

રા. મા. દોશી

નાનાભાઈ–મોટાભાઈ, સંવત્સરી નજીક આવે છે, પણ પ્રતિક્રમણ માટે મારો આવવાનો વિચાર થતો નથી તો આપ મને માફ કરશો ને?

મોટાભાઈ–કેમ? તમને શા માટે આ વિચાર આવ્યો તે કહો તો પછી શું કરવું તે આપણે નક્કી કરીશું.

નાનાભાઈ–જુઓ–હું 'પ્રતિક્રમણ' શબ્દનો અર્થ પણ જાણતો નથી. તો પછી તેનો ભાવ શું છે એ તો કયાંથી જાણું? માટે વિચાર થતો નથી.

મોટાભાઈ—તમે આટલા વરસોથી પ્રતિક્રમણ કરો છો અને તમે સમજતા નથી તો તમે અણસમજણ કેમ નભાવી લીધી? અણસમજણમાં રહેવું તે તમારા જેવા માણસનું કામ નથી.

નાનાભાઈ–આપની વાત સાચી છે. અણસમજણ રાખવી ન જ જોઇએ, કેટલાક લોકો કહે છે કે– 'ભલે આપણે ન સમજીએ તેમાં શું વાંધો? જેટલો વખત આપણે ધર્મના સ્થાનકે રહ્યા તેટલો વખત છકાયજીવની હિંસા તો અટકી અને વળી આપણે ચોવીસ કલાક આહારપાણી નહિ લેવાની પ્રતિજ્ઞા લીધી એટલે તપ થયો અને તેથી નિર્જરારૂપ ધર્મ થયો માટે આપણે સમજવાની જરૂર નથી. મારા જેવા વર્તમાન કાળના યુવકને આ વાત કેમ ગળે ઊતરે? માટે ખરું શું છે તે સમજાવો.

મોટાભાઈ–તમે ખુલાસો માગ્યો તે બહુ સારું કર્યું. 'અણસમજણ' થી કદી આત્માને લાભ થાય જ નહિ; પણ નુકસાન થાય માટે સ્પષ્ટતાથી આ વિષય સમજી શકો તે માટે થોડું કહીશ.

નાનાભાઈ– 'પ્રતિક્રમણ' નો અર્થ આપ પહેલાં કહો.

મોટાભાઈ–પ્રતિક્રમણ=પ્રતિ+ક્રમણ=પ્રતિક્રમણનો અર્થ પાછું ફરવું એવો થાય છે. જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ ભૂલ્યો છે માટે તે ભૂલથી પાછું ફરવું–પોતાનું યથાર્થ સ્વરૂપ સમજવું એ પ્રતિક્રમણ છે.

નાનાભાઈ–ત્યારે તો એમ થયું કેઃ– ( ૧ ) જીવ શું છે, તેનું સ્વરૂપ શું છે તે પોતે પ્રથમ જાણવું જોઇએ ( ૨ ) જીવ અનાદિથી શું ભૂલ કરી રહ્યો છે તે જાણવું જોઇએ–કેમકે ભૂલ જાણ્યા સિવાય ભૂલથી પાછું કેમ ફરી શકાય? ( ૩ ) જીવનું અને પોતામાં થતી ભૂલનું સ્વરૂપ જાણી ભૂલથી પાછું ફરવું જોઈએ. આમ આત્મામાં થતી આ ક્રિયાને પ્રતિક્રમણ કહે છે.

મોટાભાઈ—તમે પ્રતિક્રમણનું જે સ્વરૂપ કહ્યું તે બરાબર છે. તેને જ જ્ઞાનીઓ સાચું પ્રતિક્રમણ કરે છે.

નાનાભાઈ–ત્યારે તો એમ થયું કે આજ સુધી સમજ્યા વિના પ્રતિક્રમણો કર્યાં તે તો માત્ર કાળક્ષેપ થયો, આત્માને કાંઇ લાભ ન થયો–એ ખરું?

મોટાભાઈ—હા, છે તો તેમ જ. પ્રતિક્રમણ તો આત્માનો ( જીવનો ) શુદ્ધભાવ છે તેથી આત્માને જે સમજે નહિ, તેને સાચી પ્રતિક્રમણની ક્રિયા હોય નહિ.

નાનાભાઈ–કેટલાકો કહે છે કે– 'છકાય જીવની રક્ષા તો થઇ, એટલો લાભ તો ખરો' તેનું કેમ?

મોટાભાઈ–તમે છકાય જીવમાં આવ્યા કે ન આવ્યા? જો આવ્યા તો તમારી રક્ષા થઇ ખરી? જો ન આવ્યા તો છકાય જીવની રક્ષા કયાં થઇ?

નાનાભાઈ–હું તો જીવ શું છે તે યથાર્થપણે સમજતો નથી તેથી 'છકાય જીવ' શું કહેવાય તે હું કહી શકું નહિ. પણ હું નાનપણમાં કેટલાક બોલો શીખ્યો હતો તેમાં એમ આવતું હતું કે–પાંચ પ્રકારના એકેન્દ્રિય જીવો અને એક ત્રસ. એમ છ પ્રકારના સંસારી જીવો છે તેને છકાયના જીવો કહે છે. હું ત્રસ જીવ છું એટલે છકાય જીવોમાં હું આવી ગયો.

....... **આત્મા**.........

**ભગવાન આત્મા પોતે પોતાથી જ સિદ્ધ અને પરમાર્થરૂપ એવો જ્ઞાન સ્વભાવી છે. હું સ્વયંસિદ્ધ છું, હું મારાથી જ સિદ્ધ છું. મને સિદ્ધ કરવામાં મારી સાબિતી કરવામાં કોઇ શરીર, મન, વાણી આદિ પરની જરૂર પડે તેમ નથી. પરમાર્થરૂપ ભગવાન આત્મા સ્વત:સિદ્ધ છે, તેને સિદ્ધ કરવા માટે-નક્કી કરવા માટે પુણ્યનું-રાગનું કે પર સંયોગનું અવલંબન લેવું પડે તેમ નથી. (સમયસારજી ગાથા ૩૨ના પ્રવચનમાંથી)**

મોટાભાઈ–ત્યારે કહો કે તમારા માનેલાં પ્રતિક્રમણ કરતાં તમારા જીવની રક્ષા થઇ કે નહિ, એટલે કે તમારામાં વિકાર ટળ્યો કે નહિ?

નાનાભાઈ–જીવનું યથાર્થ સ્વરૂપ હું સમજતો નથી તો પછી મારા જીવની રક્ષા થઇ એમ કેમ કહી શકું?

મોટાભાઈ–જ્ઞાનીઓ કહે છે કે–જીવ પોતાનું સ્વરૂપ ન સમજે ત્યાં સુધી પોતાનું ભાવ મરણ સમયે સમયે કરતો રહે છે અને તેથી તે દુઃખ જ ભોગવે છે. તમે તમારું સ્વરૂપ સમજ્યા નથી તેથી તમારું ભાવ મરણ તમે દરેક સમયે કરો છો. સમજ્યા વગરની થતી પ્રતિક્રમણની ક્રિયા વખતે પણ ભાવ મરણ તો ચાલુ જ છે તો પછી તમારા જીવની રક્ષા કયાં થઇ? બિલકુલ થઇ નહિ, પણ તમારી અરક્ષા–અર્થાત્ ભાવ મરણ થયું. એ રીતે છકાય જીવની રક્ષા થઇ નહિ.

નાનાભાઈ–પણ બીજા જીવોને તો મેં ન માર્યા એટલો લાભ તો તેમને થયો ને?

મોટાભાઈ—આ વિષય બરાબર વિચારવા જેવો છે. તમે જીવને તો ઓળખતા નથી તો પછી તમે તેને માર્યો કે ન માર્યો એ પ્રશ્ન ઊઠેજ શી રીતે? વળી જીવો જીવે છે તે તમારે કારણે કે પોતાને કારણે જીવે છે તે નક્કી કરવાની જરૂર છે માટે તમે શું માનો છો તે કહો.

નાનાભાઈ–મેં આ બાબતમાં વિચાર કરી સાચું સ્વરૂપ નક્કી કર્યું નથી માટે તમો જ સમજાવો.

મોટાભાઈ–યુવકો જો ઊંડા ઉતરી સાચું સ્વરૂપ સમજવા મહેનત કરે તો ઘણું પ્રશંસનીય છે, માટે ધીરજથી સાંભળી; તે બાબત વિચાર કરી સત્યાસત્યનો નિર્ણય કરશો. કોઇ કહે છે માટે માની લેવું એ તો અંધશ્રદ્ધા છે અને અંધશ્રદ્ધા તે તો અજ્ઞાન છે, અવિવેક છે માટે વિચારવાન જીવોએ તે છોડવું જ જોઇએ.

નાનાભાઈ–તમારી વાત સાચી છે. અંધશ્રદ્ધા એ તો ઊંધાઇ છે. ઊંધાઇથી લાભ થાય નહિ. સાચું સમજવાની મને જિજ્ઞાસા થઇ છે માટે તમે કહેશો તે સાંભળી હું વિચારીશ અને સત્યાસત્યનો નિર્ણય કરીશ.

મોટાભાઈ—બહુ સારું. એમ જો કરશો તો અસત્યમાંથી તમે પાછા ફરશો, સત્યને યથાર્થ ઓળખશો અને તે જ સાચું પ્રતિક્રમણ છે, અને તેમ થશે તો આ સંવત્સરી પ્રતિક્રમણ તમોને સાચરૂપે થશે.

નાનાભાઈ–મને વિચાર એવો થાય છે કે–મારે સાચું પ્રતિક્રમણ (વીતરાગની આજ્ઞાનુસાર) કરવું જ જોઇએ. જો તેમ ન કરું તો મારો અમૂલ્ય મનુષ્ય ભવ એળે જાય.

મોટાભાઈ–ઠીક ત્યારે વિચારો. કોઈ જીવ બીજા જીવને મારવા સમર્થ છે? એમ ઘણી વખત બને છે કે–જ્યારે એક માણસ બીજાને મારી નાખવા બંદુક મારે ત્યારે તે માણસ ન મરે અને ત્રાહેત–અજાણ્યો માણસ આડો આવી જાય અને તે મરી જાય તેનો સિદ્ધાંત એવો છે કેઃ– દરેક જીવ અને તેનું શરીર એક સાથે રહેવા યોગ્ય હોય ત્યાં સુધી ચોક્કસપણે રહે જ; લોકો તેને જીવન કહે છે. જીવ અને શરીર સાથે રહેવા લાયક ન હોય ત્યારે છૂટા પડે; છૂટા પડે તેને લોકો મરણ કહે છે.

**અહીં એટલું ખાસ લક્ષમાં રાખવાનું છે કે, એક માણસે બીજાને મારવા-ખૂન કરવા વિચાર કર્યો અને તે વિચારની પૂર્ણતા માટે બીજા માણસને બંદુક મારી પણ બીજો માણસ બચી ગયો. ત્યાં જો કે કાંઇ પણ શારીરિક ઇજા નથી થઇ તો પણ ખૂન કરવાનો જે જીવે ભાવ કર્યો તે જીવે પોતે પોતાની હિંસા કરી જ છે, કેમકે તેણે તીવ્ર અશુભ ભાવ સેવી પોતાની શુદ્ધતાનું ખૂન કર્યું છે. અજ્ઞાની જીવો પોતાના વિકારી ભાવોથી પોતાને લાભ થાય એવી ઊંધી પકડથી**

**પોતાના ગુણનું ખૂન કરી રહ્યા છે, અને તેનું નામ ભાવ મરણ છે. એ રીતે બીજો જીવ બચે કે મરે પણ જે જીવે મારી નાખવાનો ભાવ કર્યો તેણે પોતાની હિંસા તો કરી જ છે.**

નાનાભાઈ– તમારી વાત સમજાણી. તમે જે દાખલો આપ્યો તે તો અશુભ ભાવનો આપ્યો. પણ સમજ્યા વગરના પ્રતિક્રમણ કરનારે તો કોઈ જીવને મારવાનો ભાવ કર્યો નથી. તેનું શું ?

મોટાભાઈ— કોઇ જીવ પોતે બીજાને લાભ–નુકસાન કરી શકતો નથી, પણ પોતાના ભાવમાં ઘાલમેલ કરી શકે છે એમ બતાવવા ઉપરનો દાખલો આપ્યો હતો. જેમ એક જીવ બીજાનું ભૂંડું કરી શકતો નથી તેમ બીજાનું ભલું પણ કરી શકતો નથી. તે બીજા જીવોને દુઃખ ન દેવાનો ભાવ કરે તો તે શુભ ભાવ છે, અને અગવડ આપવાનો ભાવ કરે તો તે અશુભ ભાવ છે. શુભાશુભ ભાવ મારા છે, તે કરવા જેવા છે, એવી જે જીવની મજબૂત પકડ છે તે સંસારનું મૂળિયું છે, અને તે છેદવામાં ન આવે ત્યાં સુધી સંસાર ઊભો રહે છે. પોતાનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના તે ટળે નહિ. તે મૂળિયાને શાસ્ત્રીય પરીભાષામાં મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વ તે જ સંસાર છે–તે જ પરિગ્રહ છે. અને તેમાંથી પાછું ફરવું તે મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે.

નાનાભાઈ–તમારું કહેવું હું સમજ્યો–તમે એમ કહેવા માગો છો કે :– ( ૧ ) એક વસ્તુ બીજી વસ્તુનું કાંઇ કરી શકે નહિ અને તેથી લાભ નુકસાન કરી શકે નહિ. જીવ અને અજીવ પણ વસ્તુઓ છે તેથી જીવ પુદ્‌ગલનું કે બીજા જીવનું કાંઇ કરી શકે નહિ, પુદ્‌ગલ જીવને કાંઇ લાભ નુકસાન કરી શકે નહિ.

( ૨ ) એ પ્રમાણે માન્યતા થતાં જગતના અનંતા પદાર્થો ઉપરનું પોતાનું સ્વામીત્વ જીવ ઊંધાઇથી માનતો તે ટળી જાય છે.

( ૩ ) દરેક જીવ પોતાને જ પોતાના ભાવથી લાભ નુકસાન કરી શકે.

( ૪ ) જો પોતાનું સ્વરૂપ સમજે તો પોતાને લાભ થાય. અને સાચી સમજણ કરવી તેને તમે ‘મિથ્યાત્વનું પ્રતિક્રમણ’ કહો છો. આ વાત બરાબર છે ?

મોટાભાઈ–હા, તમે કહ્યું તે બરાબર છે, પણ પોતાનું સ્વરૂપ સમજવું એમ કહેવાથી સ્વરૂપ સમજાય નહિ; માટે તેનો ઉપાય જાણવો જોઇએ.

નાનાભાઈ–એ વાત ખરી છે. તે માટે શું ઉપાય છે તે સમજાવો.

મોટાભાઈ—પ્રથમ આત્મજ્ઞાની પુરુષ પાસેથી આત્માનું સ્વરૂપ બરાબર સમજવું જોઇએ. આત્મા ત્રિકાળી અખંડ શુદ્ધ ચૈતન્ય ચમત્કાર માત્ર ધ્રુવ રૂપ છે. માત્ર તેની વર્તમાન વર્તતી અવસ્થામાં ક્ષણે ક્ષણે તે નવો વિકાર કરે છે. તે તરફ લક્ષ ગૌણ કરી ત્રિકાળી–ધ્રુવ–ચૈતન્ય સ્વરૂપ તરફ લક્ષ આપે તો સમ્યગ્દર્શન પ્રગટે છે, અને સમ્યગ્દર્શનનું પ્રગટ કરવું તે મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે; માટે આ સંબંધે વિચાર કરી–સત્યાસત્યનો નિર્ણય કરી સમ્યગ્દર્શન પ્રગટ કરવું.

નાનાભાઈ–પ્રતિક્રમણનો પાઠ કેટલાક બોલે છે તેમાં નીચે પ્રમાણે બોલતાં સાંભળ્યું છેઃ– ‘મિથ્યાત્વનું પડિકમણું–અવ્રતનું પડિકમણું–કષાયનું પડિકમણું— ‘પ્રમાદનું પડિકમણું’ તો પહેલાં મિથ્યાત્વનું પડિકમણું ન કરીએ અને બીજાં કરીએ તો કેમ ?

## જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત; તેમ તેમ ભવ શંકતા, અપાત્ર અંતર જ્યોત.

( શ્રીમદ્ રાજચંદ્ર )

જેની મતિમાં અલ્પતા છે, જ્ઞાનમાં વિવેક નથી, મોહ ઉદ્યોત એટલે પર ઉપર જેનું વજન છે, અનંત પૂર્ણ તાકાતરૂપે હું છું તેનો વિશ્વાસ નથી, કાળ, ક્ષેત્ર ને કર્મ નડે છે એમ પર ઉપર નાખે છે, તેને ભવની શંકા થાય છે. **‘મારા પુરુષાર્થથી હું સ્વતંત્ર આત્મતત્ત્વનો મોક્ષ મેળવી શકું છું’** તેની શ્રદ્ધા ન આવે, રાગ તોડવો તે મારા હાથની વાત છે એમ જેને બેસે નહિ તે અપાત્ર અંતર જ્યોત છે.

હું આત્મતત્ત્વ એક ક્ષણમાં અનંત પુરુષાર્થ કરી અનંતકાળની મૂંઝવણ તોડનાર છું, કારણ કે હું અનંત વીર્યની મૂર્તિ છું, એમ જેને બેસે તેને અનંત સંસાર હોતો નથી. **( સમયસારજી ગાથા ૩૩ના પ્રવચનમાંથી )**

મોટાભાઈ–મિથ્યાત્વનું પ્રતિક્રમણ થયા વિના અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટ કર્યા વિના કોઇ જીવને સાચા વ્રત ન હોય. બાલવ્રત–બાલતપ હોય પણ બાલવ્રત કે બાલતપ કાંઇ ધર્મ નથી એ તો અધર્મ છે. એટલે કે મિથ્યાત્વનું પ્રતિક્રમણ થયા વિના બીજાું કોઇ પ્રતિક્રમણ હોય શકે જ નહિ. આ કારણે આત્માનું સ્વરૂપ સમજવાની ઘણી જરૂર છે.

નાનાભાઈ—તમે કહ્યું તે બરાબર છે. અમારા જેવા યુવકોએ પોતાનું કાર્યક્ષેત્ર બદલવાની જરૂર છે. સાચી સમજણ કરી લેવાની જરૂર છે. સમ્યગ્જ્ઞાનની પરબો દરેક ઠેકાણે બેસાડવાનું કામ ખાસ કરીને કરવું જોઇએ.

મોટાભાઈ–યુવક અને વૃદ્ધ એ શરીરાશ્રિત અવસ્થાઓ છે. જીવથી શરીર પરવસ્તુ છે માટે તે પરવસ્તુ તરફનું લક્ષ છોડી દરેક જીવે પોતાનું સ્વરૂપ સમજવા પ્રયાસ–સત્ય પુરુષાર્થ કરવો જોઇએ અને પોતાના સ્વરૂપમાં સ્થિર રહેવું જોઇએ. સ્થિર ન રહી શકે ત્યારે પોતામાં અશુભ ભાવ ન થાય તે માટે જ્ઞાનની રુચિ વધારવા પ્રયાસ કરવો જોઇએ. તેવા ભાવ જગતના જીવો પ્રાપ્ત કરી શકે તે માટે સમ્યગ્જ્ઞાનની પરબો સ્થળે સ્થળે મંડાય, પોષાય અને વૃદ્ધિ પામે તેવી ભાવના ભાવવી જોઈએ.

નાનાભાઈ–યુવક અને વૃદ્ધ એ શરીરાશ્રિત અવસ્થા છે એ વાત બરાબર છે. બધા જીવ અનાદિના છે તેથી કોઇ નાનું મોટું નથી. માટે સર્વ જીવે પોતાનું સ્વરૂપ સમજી પોતાનું અજ્ઞાન ટાળવા મથવું જોઇએ, મિથ્યાદર્શન ટાળવું જોઇએ. એ પ્રમાણે જે કરે તેને જ સાચું પ્રતિક્રમણ હોય શકે એ વાત બરાબર છે. આહારના ત્યાગની અમુક વખત માટે પ્રતિજ્ઞા લેવી તે સમ્યક તપ નથી કેમકે જેને પોતાના સ્વરૂપની ખબર નથી તેને તો બાળતપ હોય છે, એમ ભગવાને ડાંડી પીટીને કહ્યું છે માટે મારે મિથ્યાત્વનું પ્રતિક્રમણ પ્રથમ જ કરવું જોઇએ. એ હું સમજ્યો. મારા મિત્રોને પણ સાચું પ્રતિક્રમણ કરવા માટે સમજાવવા પ્રયત્નો કરીશ.

મોટાભાઈ–સારું! આ વખતે તમે અને બધાઓ પ્રતિક્રમણનું સાચું સ્વરૂપ સમજો અને ભગવાનના સાચા અનુયાયી થાઓ, નામના અનુયાયી મટી જાઓ; એવી મારી પણ ભાવના છે.

❀ ❀ ❀

દરેક પદાર્થની અવસ્થા થાય છે તે આત્માના જ્ઞાનની પર્યાયથી જાુદી જ છે, તે વાત ચાલે છે.

**રસઃ-** રસ તે જડની અવસ્થા છે. રસ જીભને અડે છે માટે રસનું જ્ઞાન થાય છે એવું નથી; પણ તે ટાણે આત્માના જ્ઞાનની તે જાતની અવસ્થા છે. રસ તો જડ છે તે કાંઇ જાણતું નથી. અને જ્ઞાન બધું જાણે છે માટે જ્ઞાનને અને રસને જાુદાપણું છે એમ શ્રી જિનદેવે કહ્યું છે.

જ્ઞાનમાં જેવી જાણવાની અવસ્થા થઇ, તેવા જ રસની સામગ્રી તે વખતે જીભને અડે, પણ આત્માનું જ્ઞાન તેનાથી થયું નથી. આત્માનું જ્ઞાન આત્માથી થયું છે. જ્ઞાનની તે ટાણાંની અવસ્થા થઇ છે, જ્ઞાન અને રસ બન્ને સ્વતંત્ર છે. જીભ અને રસ એ બન્ને જડની અવસ્થા છે, તે વડે જ્ઞાન જાણતું નથી. જ્ઞાનનો જ પોતાથી જાણવાનો સ્વભાવ છે. જ્ઞાનગુણ પોતાના કારણે પરિણમે ત્યારે સામે તે જ જાતની વસ્તુ હોય, છતાં રસને કારણે જ્ઞાન નથી કે જ્ઞાનને કારણે રસ નથી.

અહા! કેટલી સ્વતંત્રતા! રસની અવસ્થા જાુદી છે, આત્માના જ્ઞાનની અવસ્થા જાુદી છે, એમ શ્રી જિનદેવે જોયું છે. પરને કારણે મારા જ્ઞાનની અવસ્થા નથી, 'સ્વ' થી અવસ્થા થઇ છે, એમ જાણીને 'પર' થી ઉદાસ રહેવું (જ્ઞાન જ કરવું) તેમાં સારા નરસાપણું કરવાનું સ્વરૂપ જ્ઞાનનું નથી. આત્મા તો જાણે, કાંઇ કરે નહિ.

## સર્વત્ર જ્ઞાનનું જ ચમકવું છે.

**કોઇ જીવ પરને ભોગવી શકતો તો નથી, પણ કોઇ પરનું વર્ણન પણ કરી શકતો નથી; માત્ર પોતે પરનું જે જ્ઞાન કર્યું છે તેનું (પોતાના જ્ઞાનનું) વર્ણન કરી શકે છે. જ્ઞાનગુણ સિવાય એકે ગુણનું વર્ણન થઈ શકતું નથી; સુખ ગુણનું વર્ણન કરી શકાતું નથી પણ જે જ્ઞાને સુખગુણને નક્કી કર્યો છે તે "સુખગુણના જ્ઞાનનું" વર્ણન કરી શકે છે. આ રીતે જ્ઞાન ખરેખર પર-પ્રકાશક નથી પણ સ્વ-પર્યાય (જ્ઞાનની અવસ્થા) ને પ્રકાશે છે. આ રીતે જ્ઞાનનો જ બધે ચમત્કાર છે અને જ્ઞાન એ જ આત્માની વિશિષ્ટતા છે.**

**પર વસ્તુમાં સારું નરસું માનવું એ જ સંસાર છે તથા પરને કારણે મને જ્ઞાન થયું એમ માનવું તે જ**

श्री असिआ उसाय नमः

**સમયસાર પાન ૪૭૦ ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવનું વ્યાખ્યાન તા. ૨૧-૬-૪૪ અષાડ સુદ ૧ બુધવાર**

# પરિભ્રમણનું કારણ છે.

સારું નરસું કહેવું કોને? પર વસ્તુમાં કાંઇ ‘આ સારું’ કે ‘આ ખરાબ’ એમ લખ્યું નથી; તેમજ જ્ઞાનનો સ્વભાવ સારું નરસું કરવાનો નથી. પર વસ્તુમાં સારું નરસું માનવું એ જ સંસાર છે, તથા પરને કારણે મને જ્ઞાન થયું એટલે કે મારી અવસ્થા પરાધીન થઇ એમ માનવું તે જ પરિભ્રમણનું કારણ છે.

રસ પર છે, તારો સ્વભાવ તારામાં છે, રસમાં ગૃદ્ધિ કરવી તે મૂઢતા છે, રસ જડની અવસ્થા છે તે કાંઇ જાણતું નથી અને જ્ઞાન બધું જાણે છે તેથી જ્ઞાન અને રસ જુદા છે, એમ જિનદેવે કહ્યું છે.

પ્રશ્નઃ– જ્ઞાનીઓ રસ ખાતાં–પીતાં નહિ હોય?

ઉત્તરઃ– જ્ઞાની ચક્રવર્તી હોય, પણ હજી રાગ છે ત્યાં સુધી ખાય–પીએ ખરા, છતાં અંતરમાં ભાન છે કે ‘આ રાગ મારું સ્વરૂપ નથી, મારો આત્મા પવિત્ર આનંદમૂર્તિ છે, આ બધા સંયોગ પૂર્વના કારણે છે. અવસ્થામાં રાગ છે તે મારા પુરુષાર્થની વર્તમાન નબળાઇ છે, તે રાગ કે વર્તમાન પુરુષાર્થની નબળાઇ મારું સ્વરૂપ નથી, પર વસ્તુ મારી નથી, પર વસ્તુથી મને રાગ નથી કે પર વસ્તુથી મારું જ્ઞાન નથી. તેમ જ મારા સ્વભાવમાં આનંદની કચાશ નથી, આવું અંતર સ્વરૂપમાં જ્ઞાનીને ભાન છે; જ્યારે અજ્ઞાની બહારમાં ત્યાગી થઇને બેઠો હોય, પણ અંદરમાં ‘પરવસ્તુને કારણે રાગ થતો’ એમ માનતો હોય કે પરને કારણે જ્ઞાન માનતો હોય તે અજ્ઞાની છે, તેનો ત્યાગ સાચો નથી.

**સ્પર્શઃ**- સુંવાળો કે કર્કશ વગેરે બધા સ્પર્શ તે જડ–પરમાણુની અવસ્થા છે, તે સ્પર્શને કારણે આત્માનું જ્ઞાન નથી. જ્ઞાન તો સ્વતંત્ર સ્વભાવ છે, તે ટાણે જ્ઞાન વિશેષરૂપે પરિણમે છે, સ્પર્શ તે જડની અવસ્થા છે, મારા જ્ઞાનની અવસ્થા મારા અંતરથી પરિણમે છે. સ્પર્શના કારણે મારા જ્ઞાનની અવસ્થા થતી નથી, એમ જ્ઞાનીને જ્ઞાનનું અને સ્પર્શના જુદાપણાનું ભાન છે.

કબીરની એક વાત આવે છે કે, એકવાર તે ફરવા નીકળ્યા, અને લોકો સૂતેલા, ત્યારે તેમણે કહ્યું છે કેઃ–

**“સુખીઓ સબ સંસાર, ખાય પીય કે સૂએ;**
**દુઃખીઓ દાસ કબીર, જબ જાગે તબ રૂએ.”**

આ બધો સંસાર સુખી લાગે છે, કે ખાઈ પીને સૂતા છે, અને હું જ દુઃખી છું–એટલે કે જાગીને જોઉં છું ત્યાં મારો એકેક સમય જાય છે તે અનંત જન્મમરણ ટાળવાનાં ટાણાં ચાલ્યા જાય છે. મને જન્મમરણ ટાળવાની ચિંતા લાગી છે, અને આ લોકોને જન્મમરણ ટાળવાની ચિંતા લાગતી નથી તેથી સૂતા છે, એમ કબીરે વૈરાગ્યથી કહેલ છે.

ઉનાળાની ઋતુમાં બે રૂપિયાની શેર વાળી કેરી ખાઇને બે મણની રેશમી તળાઇમાં સૂંવાળા સ્પર્શના ભોગવટામાં પડયો હોય અને તેમાં શાંતિ માને; પણ સ્પર્શથી આત્માને શાંતિ અને જ્ઞાન થતાં નથી, આત્માને શાંતિ અને જ્ઞાન તો અંદરની એકાગ્રતાથી થાય છે. રેશમી ગાદલાને તો બિચારાને ખબર પણ નથી કે પોતે કોણ છે અને કેવી અવસ્થામાં છે, તેનો જાણનારો આત્મા છે, પણ આત્માનું જ્ઞાન તેનાથી થતું નથી. સ્પર્શ તે જડ છે, તે કાંઇ જાણતું નથી અને જ્ઞાન તે ચેતનસ્વરૂપ છે તે બધું જાણે છે, માટે સ્પર્શ અને જ્ઞાન બન્ને ચીજ જુદી છે, એમ શ્રી જિનદેવ કહે છે.

**કર્મ**:- યાદ રાખ! કે કર્મો તો જડ છે, તેના કારણે જ્ઞાનની અવસ્થા નથી; પણ તે ટાણાંની જ્ઞાનની સ્વ–પર પ્રકાશકપણાની શક્તિમાં કર્મની અવસ્થા જાણનાર જ્ઞાનની જ પર્યાય ખીલી છે. કર્મને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, કર્મને લઈને જ્ઞાન જાણતું નથી, જ્ઞાન તો જ્ઞાનને લઇને થાય છે.

જ્ઞાનાવરણીય કર્મઃ– કર્મ તે જ્ઞાન નથી, કેમકે કર્મ તો અચેતન છે, તે કિંચિત્ માત્ર જાણતા નથી, અને જ્ઞાન બધું જાણે છે. તે જ્યારે જ્ઞાનમાં કર્મનું લક્ષ કર્યું કે 'જ્ઞાનાવરણીય કર્મ આડું આવતું હશે, માટે જ્ઞાન નહિ ખીલતું હોય?' તેને કહે છે કે, સાંભળ! તારા જ્ઞાનની તે ટાણાંની અવસ્થા જ સ્વ–પરને જાણનારી છે, તેથી તે કર્મને જાણે છે, ત્યાં તારા જ્ઞાનનું સામર્થ્ય છે; તેં તારા જ્ઞાનની અવસ્થા તરફ ન જોતાં કર્મ ઉપર લક્ષ કર્યું અને તારા જ્ઞાનની અવસ્થાની પ્રતીત ન કરી તે દ્રષ્ટિની જ ભૂલ છે.

કોઈ કહે કેઃ– દાટયાં કર્મ કેવા આવશે–તે કોણ જાણે? તો તેને કહે છે કેઃ– જે વખતે ઉપરનો વિચાર આવ્યો તે વખતે તારા જ્ઞાનમાં દ્વિરૂપતા થઈ, એક તો તારા જ્ઞાનનું જ્ઞાન, અને બીજું કર્મનું જ્ઞાન, એ બન્નેનું તેં જ્ઞાન કર્યું. કર્મ તારા જ્ઞાનને રોકતું નથી, કર્મ તો તારા જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞેય વસ્તુ જ્ઞાનને રોકે નહિ. જ્ઞાનાવરણીય કર્મ જડ છે. તે જ્ઞાનને રોકતું નથી, પણ જ્ઞેય છે. જો જ્ઞેયવસ્તુ જ્ઞાનમાં નડે તો કેવળીને લોકાલોક જ્ઞેય છે તે તેને નડવા જાઇએ, પણ તેમ બનતું નથી કેમકે જ્ઞાનને–જ્ઞેય વસ્તુ નડતી નથી.

શરીરમાં રોગ આવે ત્યારે 'આ અશાતા કેમ?' એમ જેને થાય છે તે પોતાના જ્ઞાનની તે ટાણાંની વિશેષ અવસ્થાનો નકાર કરે છે. તું તો જ્ઞાન જ કરનાર છો; શરીરમાં અશાતા આવી એ તારા જ્ઞાને જાણ્યું, ત્યાં જાણવામાં અશાતા કયાં નડી? શાતા સારી અને અશાતા ખરાબ એ વાત પણ સાચી નથી.

આત્માનો સ્વભાવ જ્ઞાન તેમાં જે શાતા–અશાતા જણાય તે જ્ઞાનની તે ટાણાંની સામર્થ્યશક્તિ છે, અને તે જ્ઞાનની શક્તિ તરફ લક્ષ ન કરતાં 'પર વસ્તુ જ્ઞાનમાં આવી માટે મારા વિચાર ફર્યા' એમ જે માને છે તે જ્ઞેયને કારણે જ્ઞાનની અવસ્થા માને છે, એટલે જ્ઞાન અને જ્ઞેયની એકતા માને છે તે જ અધર્મ છે; અને તે માન્યતા ફરી કે હું તો જાણનાર જ છું. (તો એ ધર્મનું કારણ છે.) આમાં માન્યતા જ ફેરવવાની છે, બહારમાં કાંઇ કરવાનું નથી. વારંવાર આ જ શ્રવણ, આ જ મનન અને આ જ શ્રદ્ધાના ઘા પડવા જોઇએ; વારંવાર વસ્તુનું સ્વાધ્યાય ધ્યાન કરવું જોઇએ, આનું જ શ્રવણ મનન જોઇએ.

કોઇ કહે કે પૂર્વે મેં ઘણાં ક્રોધ, કષાય કર્યાં હશે, માટે વર્તમાનમાં ક્ષમા રહેતી નથી, તો તે વાત ખોટી છે. વર્તમાનમાં તેણે શું કર્યું? કર્મનું માત્ર જ્ઞાન જ કર્યું છે. જ્ઞાનનો સ્વ–પર પ્રકાશક સ્વભાવ છે. જ્ઞાનની તે ટાણાંની અવસ્થા તે જ યાદ આવે એવી હતી. તારી તે અવસ્થાનું જ્ઞાન જ કરને! કર્મ તો જ્ઞેય છે, જડ છે, તે કાંઇ પણ જાણતાં નથી અને આત્માનું જ્ઞાન તો બધું જાણે છે. ભગવાન જિનદેવ કહે છે કે, કર્મ અને આત્મા તદ્દન જુદાં છે. જ્ઞાન અને કર્મ જુદાં છે તે જ્ઞાન કરને!

નામ કર્મની જશ પ્રકૃતિ કે અપજશ પ્રકૃતિ તે તારા જ્ઞાનનું જ્ઞેય છે, તારા જ્ઞાનને નુકસાન કરનાર નથી.

### અવસ્થાદ્રષ્ટિએ ભૂમિકા અનુસારે રહેતો

## નિમિત્ત નૈમિત્તિક સંબંધ

**દ્રષ્ટિ નિમિત્તને સ્વીકારતી નથી, પોતામાં થતાં રાગદ્વેષને સ્વીકારતી નથી, અરે! પોતામાં થતી નિર્મળ પર્યાયને પણ સ્વીકારતી નથી. દ્રષ્ટિનો વિષય અભેદ, અખંડ, એક આત્મા છે; તેમાં ભેદ પડે તે ભેદ જે દ્રષ્ટિનો વિષય થતો નથી, પણ અવસ્થાનો વિષય થાય છે. એટલે દ્રષ્ટિમાં રાગદ્વેષ છે જ નહિ, જ્ઞાનમાં તે જ્ઞેય છે, ચારિત્રની અપેક્ષાએ તે ઝેર છે. દ્રષ્ટિની અપેક્ષાએ રાગદ્વેષ જે જ્ઞાનીને થાય છે તે નિર્જરા અર્થે છે. જેટલી જેટલી નિર્મળ પર્યાય જ્ઞાનીને વધે તેટલા તેટલા પ્રમાણમાં નૈમિત્તિક ભાવ અને પર નિમિત્ત છૂટતાં જાય છે, એવો નિમિત્ત નૈમિત્તિક ભાવનો સંબંધ છે.**

સાતે નરકના બધા જીવોના શરીર નપુંસક છે. પૂર્વે એટલા જોરથી ઊંધુ વીર્ય નાખ્યું છે કે વીર્યહીન–નપુંસક થઇ ગયા છે; તથા દેવમાં નપુંસકવેદ કોઇને હોતા જ નથી, કેમકે તેમણે અશુભમાં ઓછું વીર્ય જોડયું છે; તેથી નપુંસક થતાં નથી. જગતની વ્યવસ્થા જ આવા નિયમવાળી છે. આત્મસિદ્ધિમાં કહ્યું છેઃ–

**તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્યસ્વભાવ.**

કર્મ અને આત્મા ત્રણે કાળ જુદાં છે. કર્મ આત્માને કાંઇ નુકસાન કરે નહિ, અને આત્માની સત્તા કર્મ ઉપર ચાલે નહિ, માત્ર આત્મા તો જાણે છે. કર્મ જ્ઞેય છે.

શાસ્ત્રમાં જ્યારે કર્મ સિદ્ધ કરવાં હોય ત્યારે એમ આવે કે 'જ્ઞાનાવરણીય કર્મ આત્માના જ્ઞાનને રોકે છે,' તે વાત નિમિત્તથી છે. શ્રીમદે એકવાર કહ્યું છે કે :– કર્મને સિદ્ધ કરવું હોય ત્યારે આપણે એકવાર નક્કી કર્યું કે હવે રાગ નથી કરવો; છતાં બીજો રાગ આવે તો સમજવું કે આત્મા પાસે તે વખતે બીજી ચીજ છે અને તે ચીજ કર્મ છે. ત્યાં કર્મે રાગ કરાવ્યો એમ નથી કહ્યું, પણ 'કર્મ ચીજ છે' એમ સાબિત કરવા કહ્યું છે.

'રાગ નથી કરવો' એવો નિર્ણય કરનારો તું છો, છતાં રાગ થાય છે. ત્યાં તારી અસ્થિરતાથી બીજી ચીજ ઉપર લક્ષ કરવાથી તને રાગ થાય છે. જો બીજી ચીજ ન હોય તો તારું લક્ષ ચૂકીને બીજી ચીજ ઉપર લક્ષ કર્યા વગર રાગ થાય નહિ, પણ બીજી ચીજ રાગ કરાવતી નથી.

પાંચ ઇન્દ્રિય અને મનથી થતું પરનું જ્ઞાન તેનો ઉઘાડ કદાચ ઓછો હોય, તોપણ અંતર સ્વરૂપની શ્રદ્ધા કર! અંતર સ્વરૂપની શ્રદ્ધા અને એકાગ્રતા કરીને કેવળજ્ઞાન પ્રગટી શકે છે. કેવળજ્ઞાન થયા પહેલાં તેમને (કેવળી થનારને) પણ પરનો બોધ– (બહારનું જ્ઞાન) ઓછો હોય છતાં અંદરની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાથી કેવળજ્ઞાન થાય છે.

જ્યારે જ્યારે કર્મ યાદ આવે ત્યારે ત્યારે કર્મ ઉપર વજન ન આપતાં આ તો મારાં જ્ઞાનની અવસ્થાનું સામર્થ્ય છે એમ તારા જ્ઞાન તરફ લક્ષ કર!

કોઇ કહે :– શાસ્ત્રમાં કર્મની સ્થિતિની વાત આવે છે ને? તો ત્યાં તો કર્મની સ્થિતિ **'આવો ને આવો ભાવ રાખ્યા કરે તો આટલો વખત ટકશે'** એમ બતાવવા કહ્યું છે. ઊંધો ભાવ તો એક જ સમયનો છે, સંસાર એક જ સમય પૂરતો છે.

'મારે અનંત સંસાર હશે તો? મારે કર્મની લાંબી સ્થિતિ હશે તો?' એવો જે વિકલ્પ આવ્યો તો તેમાં તારા જ્ઞાનમાં તે વિકલ્પનું જ્ઞાન જ થયું, ત્યાં જ્ઞાનમાં અનંત સંસાર આવ્યો નથી, પણ અનંતનું જ્ઞાન કર્યું છે. અનંતનું જ્ઞાન કરતાં જ્ઞાનને અનંતભવ લાગતાં નથી. તથા 'કર્મની સ્થિતિ લાંબી હશે તો?' એમ કર્મ તરફ જોવા કરતાં તારી સ્થિતિ અનાદિ અનંત છે તે તરફ જોને! કર્મ તો તારા જ્ઞેય છે. તે તારાથી જુદી ચીજ છે.

'જુદાપણાની શ્રદ્ધા તે જુદા થવાનો (મોક્ષનો) ઉપાય છે અને પર સાથે સંયોગ બુદ્ધિ તે સંયોગનું (સંસારનું) કારણ છે.'

**ધર્મઃ-** ચૌદ બ્રહ્માંડમાં વ્યાપેલું સર્વજ્ઞ ભગવાને જોયેલું અરૂપી અચેતન દ્રવ્ય છે, તેનામાં જ્ઞાન નથી, તે કાંઇ જાણતું નથી, અને જ્ઞાન બધું જાણે છે. ધર્મદ્રવ્ય લક્ષમાં આવ્યું માટે જ્ઞાન થયું એમ નથી, પણ તારા જ્ઞાનની પર્યાય જ એવી છે કે જે લક્ષમાં લે તેનું જ્ઞાન તે સમયે તારા જ્ઞાનથી થાય છે. તારા જ્ઞાનની પર્યાય ચેતન છે અને ધર્માસ્તિ અચેતન છે. બન્ને જુદાં છે એમ શ્રી જિનદેવે કહ્યું છે.

સર્વજ્ઞ ભગવાન સિવાય ધર્મ–અધર્મ દ્રવ્ય કોઇ જોઇ શકે નહિ, અને જૈન સિવાય બીજા વાતો પણ કરી શકે નહિ (એટલે કે બીજા ચાર દ્રવ્યોમાં તો વાતો કરીને અનુમાનથી પણ માને, પણ આ ધર્માસ્તિ અને અધર્માસ્તિ બે દ્રવ્યોની તો વાત પણ ન કરી શકે.)

તારા જ્ઞાનની અવસ્થાની તાકાત જ એવી છે કે તે સમયે તને ધર્માસ્તિ દ્રવ્ય લક્ષમાં આવ્યું. પણ તારું જ્ઞાન ધર્માસ્તિ દ્રવ્યને કારણે થયું નથી. તે ધર્મદ્રવ્યમાં જ્ઞાન નથી, તે કાંઇ જાણતું નથી, અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે બધું જાણે છે, માટે જ્ઞાન જુદું છે અને ધર્મદ્રવ્ય જુદું છે, એમ શ્રી જિનદેવે કહ્યું છે.

---

**ઉપસર્ગ–બાહ્ય સંયોગ તે ઉપસર્ગ નથી, પણ બાહ્ય સંયોગમાં રાગદ્વેષ કરે તે ઉપસર્ગ છે; અને તે વખતનો બાહ્ય સંયોગ તે 'ઉપસર્ગ-નિમિત્ત' છે.**

**અધર્મ દ્રવ્યઃ**- એ પણ ધર્માસ્તિ દ્રવ્યની માફક ચૌદ બ્રહ્માંડમાં વ્યાપેલું અરૂપી, અજીવ સર્વજ્ઞ ભગવાને જોયેલું દ્રવ્ય છે, તે અચેતન છે કાંઇ જાણતું નથી, તથા જ્ઞાન બધું જાણે છે, માટે જિનદેવ કહે છે કેઃ– જ્ઞાન અને અધર્મ દ્રવ્ય ત્રિકાળ જુદાં છે.

ધર્મ અને અધર્મ બન્ને વસ્તુ સર્વજ્ઞના જ્ઞાનમાં ત્રિકાળી સિદ્ધ થઇ ગયેલ છે. તે તારા જ્ઞાનમાં આવે ત્યારે તે તારા જ્ઞાનની જ અવસ્થા છે, ધર્મ કે અધર્મ દ્રવ્યને કારણે તારું જ્ઞાન નથી.

**કાળ દ્રવ્યઃ**- આ અજીવ અરૂપી અનંતગુણનો પિંડ વસ્તુ છે; કાળાણુ લોકાકાશના એકેક પ્રદેશે એકેક રહેલાં છે, તે અસંખ્યાતા કાળાણુઓ છે, અચેતન છે, તે તદ્દન જાણતાં નથી અને જ્ઞાન બધું જાણે છે, માટે જ્ઞાન જુદું છે અને કાળ દ્રવ્ય જુદું છે.

કેટલાક કાળ સ્થિતિ પાકે ત્યારે મોક્ષ થાય એમ માનનારા છે. કાળ સ્થિતિ તારા પુરુષાર્થથી પાકે છે. તું પુરુષાર્થ કર તો કાળસ્થિતિ પાકેલી જ પડી છે. જેમ ચોખાની ગુણ ભરી હોય ત્યારે 'આ ચોખા કયારે પાકશે ?' એમ કોઇ પૂછે નહિ, પણ તપેલામાં નાખીને ચૂલા ઉપર મૂકયા હોય ત્યારપછી 'હવે કેટલી વાર લાગશે ?' એ જોવાનું રહે; તેમ આત્માના સ્વભાવની શ્રદ્ધા કરે, જ્ઞાન કરે તો ત્યારપછી સ્થિરતા કરતાં કેટલો વખત લાગશે તે જોવાનું રહે. પણ જ્ઞાનના **સ્વ સામર્થ્યની પ્રતીત ન કરતાં કાળ નડે એ લાવ્યો કયાંથી ?** કાળ આત્માના સ્વભાવમાં છે જ નહિ. કાળને યાદ કરવાનું સામર્થ્ય તારા જ્ઞાનનું છે, કાળદ્રવ્ય જગતની ત્રિકાળી અચેતન વસ્તુ છે, અને આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, કાળદ્રવ્યથી જ્ઞાન થયું નથી. કાળ અને જ્ઞાન બન્ને જુદાં છે એમ શ્રી જિનદેવે કહ્યું છે.

દરેક વસ્તુ પોતાના કારણે પલટે છે, ત્યારે કાળ તો નિમિત્ત છે–માત્ર હાજર છે. કાળ મને નુકસાન કરે એમ માનનાર આત્માના સ્વ–પર પ્રકાશક જ્ઞાનગુણની પ્રતીત કરતો નથી. સ્વભાવનું ભાન તે જ મોક્ષ છે, અને સ્વભાવને પરાધીન માન્યો તે જ સંસાર છે.

'મારે કેટલો કાળ બાકી હશે !' એવી કલ્પના વખતે પણ જ્ઞાનનું જ સામર્થ્ય આવ્યું છે. 'સર્વજ્ઞ ભગવાને મારો કેટલો કાળ જોયો હશે ?' એમ કલ્પ્યું ત્યાં શું કર્યું ? તે સાંભળ ! :–

એક તો સર્વજ્ઞના જ્ઞાનની સ્વ–પર પ્રકાશક શક્તિ તારા જ્ઞાનમાં યાદ કરી છે, તે તારા જ્ઞાનની તને પ્રતીતિ નથી તેથી તને એમ થાય છે કે 'ભગવાને મારો કાળ ઘણો જોયો હશે તો ?' એમ પર ઉપર લક્ષ જાય છે, ત્યાં તારા જ્ઞાનમાં તેં કાળને, સર્વજ્ઞને અને તારી પર્યાયના સામર્થ્યને યાદ કર્યાં છે.

પ્રભુ ! તારી પ્રભુતા સમયે સમયે તારી પર્યાયમાં જ ભરી છે. તારી પર્યાયનું સ્વ–પર પ્રકાશકપણાનું સામર્થ્ય છે તે સામર્થ્ય ન માનતાં જ્ઞેય સાથે એકત્વ બુદ્ધિ માને છે તે બંધમાર્ગ છે. જ્ઞેયને કારણે નુકસાન માન્યું તો તેં તારા જ્ઞાનનું સામર્થ્ય માન્યું નથી. જ્ઞેયને કારણે રાગદ્વેષ માન્યાં તેને રાગ–દ્વેષ થયા વિના રહેશે નહિ. જેવી જેની માન્યતા તેને અનુસરીને જ વર્તન થાય છે.

મારા જ્ઞાનની સ્વાધીન પર્યાયને કોઇ રોકવા સમર્થ નથી. 'ભગવાન સર્વજ્ઞ છે, તેમને ભવ નથી, રાગ–વિકાર નથી'. એમ સર્વજ્ઞના સ્વરૂપનો જે જ્ઞાને નિર્ણય કર્યો, તેને મારામાં ભવ છે કે રાગદ્વેષ છે, એમ આવ્યું કયાંથી ?

'સર્વજ્ઞને ભવનો અભાવ છે, રાગદ્વેષનો અભાવ છે. ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણે છે' અને મારું સ્વરૂપ પણ સર્વજ્ઞ સમાન જ છે. એમ મારા જ્ઞાનની પર્યાયમાં નિર્ણય કર્યો તો તેમાં પણ ભવ નથી, રાગદ્વેષ નથી એવો મારો સ્વભાવ છે, એમ પોતાના જ્ઞાનની પ્રતીતિ ન આવતાં જે જ્ઞેય ઉપર ઢોળી દે છે, તેને પોતાના સ્વ–પર પ્રકાશક સ્વભાવની પ્રતીતિ નથી.

**આકાશઃ**- ઉપર દેખાય છે તે આકાશ દ્રવ્ય નથી, પણ જડની અવસ્થા છે. આકાશ અનંત છે, અરૂપી, અજીવ દ્રવ્ય છે. આવું આકાશનું જ્ઞાન તે તારા જ્ઞાનની સ્વતઃ પર્યાય તેટલી, તેવડી અને તેવી જ છે. જે જ્ઞાન એક પર્યાયમાં અનંતુ જાણે, તો તે જ્ઞાનનું સામર્થ્ય કેટલું ? એમ પોતાના જ્ઞાનનું માહાત્મ્ય આવવું જોઇએ. આકાશ દ્રવ્યને કારણે તારું જ્ઞાન નથી, તારો જ્ઞાન સ્વભાવ જુદો છે; અને આકાશ દ્રવ્ય જુદું છે. એમ શ્રી જિનદેવે કહ્યું છે.

---

**પરિષહ-બાહ્ય સંયોગમાં સમભાવ રાખીને શુદ્ધ ભાવમાં વધતા જવું તે જ પરિષહ છે, અને તે વખતનો બાહ્ય સંયોગ 'પરિષહ નિમિત્ત' છે; આ રીતે ઉપસર્ગ કે પરિષહ બહારમાં નથી પણ પોતાના ભાવમાં છે.**

**સુવર્ણપુરીના સ્વાધ્યાય મંદિરમાં શ્રી સદ્‌ગુરુ મુખેથી પ્રગટ થયેલ**

**❀ ❀ કેવળીના અંતર પટના રહસ્ય ❀ ❀**

# શુદ્ધ કારણ પર્યાય અથવા ધ્રુવ પર્યાય

(૧) 'દ્રવ્યનું વર્તમાન તે પર્યાય' જેમ દ્રવ્ય અનાદિ અનંત છે તેમ **દ્રવ્યનું વર્તમાન** પણ અનાદિ અનંત એકરૂપ વર્તે જ છે. કોઇ વસ્તુ 'વર્તમાન' વગર હોય નહિ, અને વસ્તુનું વર્તમાન અધૂરું હોય નહિ, તેથી જેમ દ્રવ્ય પૂરું છે તેમ વર્તમાન પર્યાય પણ પૂરી છે; દ્રવ્ય ધ્રુવ છે તો દ્રવ્યનું વર્તમાન પણ ધ્રુવ છે, તેમાં ઉત્પાદ વ્યય નથી, પરિણમન નથી, **પરિણમન ન હોવા છતાં પણ તે 'દ્રવ્યની પર્યાય'** છે, તેને કોઇની અપેક્ષા નથી.

આ સિવાય જે અપેક્ષાવાળી પર્યાય તે પરિણમન (ઉત્પાદ–વ્યય) સહિત છે, સિદ્ધ પર્યાય પણ ઉત્પાદ–વ્યય સહિત છે, તેમાં પણ કર્મના અભાવની અપેક્ષા આવે છે તેથી તે 'અપેક્ષિત પર્યાય' છે, અને પહેલાં કહેવાય તે દ્રવ્યની પર્યાય તો નિરપેક્ષ છે અને અનાદિ અનંત એકરૂપ છે. સિદ્ધ પર્યાય અનાદિ અનંત નથી. દ્રવ્ય તો સદાય પૂરી અવસ્થાથી જ ભરેલું છે, અધૂરી કે ઊણી પર્યાય કહેવાય તેમાં પરની અપેક્ષા આવે છે.

આ વાત ખૂબ ગહન છે. અંતરથી ખૂબ ખૂબ મનન જોઈએ, અંતર અનુભવનો વિષય છે.

(૨) જેમ આકાશ, ધર્માસ્તિ આદિ દ્રવ્યોમાં નિત્ય શુદ્ધ અને પરની અપેક્ષા રહિત જેવું શુદ્ધ દ્રવ્ય એવી જ શુદ્ધ નિરપેક્ષ પર્યાય વર્તે છે, તેમ જીવ દ્રવ્યમાં પણ નિરપેક્ષ અને કાયમી શુદ્ધ એવી પર્યાય વર્તે જ છે તેને પરિણમન કહેવાય પણ (ઉત્પાદ વ્યયરૂપ) પરિણમન ખરેખર નથી. જેવું ધ્રુવ દ્રવ્ય એવી જ ધ્રુવ પર્યાય છે. જો ધ્રુવ પર્યાયમાં પરિણમન હોય તો તેનો અનુભવ પ્રગટ હોવો જોઇએ.

વળી ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય તે સામાન્ય છે તો સામાન્યનું વિશેષ પણ હોવું જ જોઇએ. ત્રિકાળી દ્રવ્યનું વિશેષ તે દ્રવ્યનું વર્તમાન છે, દ્રવ્યનું વર્તમાન એ જ ધ્રુવ પર્યાય એ સામાન્ય વિશેષ થઇને આખું દ્રવ્ય છે.

દ્રવ્ય દ્રષ્ટિમાં પર્યાય ગૌણ કરવાની વાત આવે છે તે પર્યાય ઉત્પાદ–વ્યયવાળી, પરની અપેક્ષાવાળી પર્યાયની વાત છે. ધ્રુવ પર્યાય તો દ્રવ્ય સાથે ત્રિકાળ છે. દ્રવ્યનું વર્તમાન જાુદું હોય નહિ, તેથી ધ્રુવ પર્યાય ગૌણ કરવાની વાત નથી.

(૩) પારિણામિક ભાવ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે થઇને પૂરો છે. એટલે પર્યાયનું પરિણમન કહેવાય ખરું પણ તે ધ્રુવરૂપ છે, પ્રગટરૂપ નથી.

દ્રવ્યાર્થિક નયનો વિષય પારિણામિક એકલો છે. નિરપેક્ષ પર્યાય ન હોય તો તે વસ્તુ શેની? જેમ સામાન્ય છે તેમ તેનું 'વર્તમાન–વર્તમાન' તે વિશેષ છે. **દ્રવ્યનું વર્તમાન ધ્રુવ છે.**

**પારિણામિક ભાવ અનિત્ય (પર્યાય)થી પકડાય પણ પારિણામિક પોતે નિત્ય છે.** પારિણામિકનો પ્રગટ અનુભવ ન હોય તે ઉપર લક્ષ થાય. સમયસારની ૩૨૦ મી ગાથામાં પારિણામિકને 'અક્રિય' કહ્યો છે, એટલે બંધ મોક્ષ સક્રિય છે તેનાથી રહિત અક્રિય છે.

પારિણામિક તે દ્રવ્યાર્થિકનયનો વિષય અને અપેક્ષિત પર્યાય તે પર્યાયાર્થિકનયનો વિષય એ બન્ને થઇને પ્રમાણ છે.

(૪) વસ્તુ અને વસ્તુના અનંત ગુણો ત્રિકાળ એકરૂપ, અને ગુણના આધારે જે પર્યાય છે તે પણ ત્રિકાળ એકરૂપ છે. જેવા દ્રવ્ય અને ગુણ ધ્રુવરૂપે છે તેવી જ ધ્રુવરૂપ પર્યાય ન હોય તો દ્રવ્ય

---

**સ્વરૂપ**

**'ધર્મ' એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે, તે બાહ્યસંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર-સંશોધનથી તે પ્રાપ્ત થાય છે.**

**સ્વરૂપનો તો કોઇ કાળે ત્યાગ કરવાને મૂર્ખ પણ ઇચ્છે નહિ, અને જ્યાં કેવળ સ્વરૂપસ્થિતિ છે ત્યાં તો પછી બીજાું કંઇ રહ્યું નહિ.** -શ્રીમદ્ રાજચંદ્ર

ગુણ પૂરાં અને પર્યાય અધૂરી રહી જાય છે. તેમાં વસ્તુની જ પૂર્ણતા થતી નથી; માટે તે ધ્રુવરૂપ પર્યાય છે ખરી— હવે–જો તે ધ્રુવરૂપ પર્યાય ઉત્પાદરૂપ ( પ્રગટરૂપ ) હોય તો તે પર્યાય ત્રિકાળ છે તેથી મોક્ષ પણ ત્રિકાળ હોવો જોઇએ, અને તેમ થતાં સંસારનો અભાવ થઇ જાય તેથી તે ધ્રુવરૂપ પર્યાય છે; પણ તે ઉત્પાદરૂપ અર્થાત્ પ્રગટરૂપ નથી.

અહા ! વસ્તુ ! વસ્તુ તો એક સમયમાં અનંત ગુણે પરિપૂર્ણ છે; જ્ઞાન ઉપયોગે પરિપૂર્ણ, દર્શન ઉપયોગે પરિપૂર્ણ, સ્વરૂપ ચારિત્રે પરિપૂર્ણ, સહજ સ્વભાવિક આનંદે પરિપૂર્ણ જ છે.

વસ્તુ અને ગુણ સામાન્ય છે, તો તેનું વિશેષ પણ હોવું જ જોઇએ. તે વિશેષ ધ્રુવપર્યાય છે **વિશેષ તે સામાન્યમાંથી છે, નિમિત્તની અપેક્ષાથી નથી. નિરપેક્ષ પર્યાય સિદ્ધ ન કરો તો વસ્તુ પરિપૂર્ણ સિદ્ધ થતી નથી, અને જો અપેક્ષિત પર્યાય ન માનો તો સંસાર મોક્ષ સિદ્ધ થતાં નથી.**

**( ૫ ) ચૈતન્ય સમુદ્રમાં આનંદની પર્યાય ‘ડૂબેલી પ્રગટ જ’ પડી છે.** તેથી જ્યારે તે પર્યાયનું લક્ષ કરે ત્યારે થઇ શકે છે; અર્થાત્ કારણપર્યાય તો ત્રિકાળ પડી જ છે, કાર્ય જ્યારે પ્રગટાવે ત્યારે પ્રગટી શકે છે. ( કારણ પર્યાય, ધ્રુવ પર્યાય, નિરપેક્ષ પર્યાય, દ્રવ્યનું વર્તમાન એ બધા શબ્દો એકાર્થ વાચક છે. )

( ૬ ) વસ્તુ સ્વરૂપપરમાત્મા છે સ્વરૂપ કરવાનું ન હોય. કેવળજ્ઞાન વગેરે પર્યાય તે કાર્ય છે, તે કારણમાંથી પ્રગટે છે. કેવળ કે મોક્ષ કરવાં તે સ્વરૂપ નથી, સ્વરૂપ તો ત્રિકાળ છે. સમ્યગ્દર્શનનો વિષય કેવળ કે મોક્ષ નથી પણ સ્વરૂપ છે.

કારણ–કાર્ય તે પણ વ્યવહારનો વિષય છે, સમ્યગ્દર્શનનો વિષય નથી. એકલું સ્વરૂપ એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. ભૂતાર્થદ્રષ્ટિમાં ( સમ્યગ્દ્રષ્ટિમાં ) એક જ પ્રકાર છે. વસ્તુસ્વરૂપ જ આવું છે.

# અનેકાન્ત શું બતાવે છે ?

## પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તા. ૩-૭-૪૪ ના વ્યાખ્યાન ઉપરથી

૧—અનેકાન્ત વસ્તુને પરથી અસંગ બતાવે છે. ‘અસંગપણાની સ્વતંત્ર શ્રદ્ધા તે અસંગપણાની ખીલવટનો ઉપાય છે, પરથી જાુદાપણું તે વસ્તુનો ધર્મ છે.’

૨—અનેકાન્ત વસ્તુને ‘સ્વપણે છે અને પરપણે નથી’ એમ બતાવે છે. ‘પરપણે આત્મા નથી તેથી પરવસ્તુનું કાંઇપણ કરવા આત્મા સમર્થ નથી; અને પરવસ્તુ ન હોય તેથી આત્મા દુઃખી પણ નથી.’

‘તું છો’ છો તો પરપણે નથી અને પરવસ્તુ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય તેને ફેરવવા તું સમર્થ નથી. બસ ! આટલું નક્કી કર તો શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તારી પાસે જ છે.

૩—અનેકાંત વસ્તુને પોતાપણે સત્ બતાવે છે. સત્‌ને સામગ્રીની જરૂર નથી, સંયોગની જરૂર નથી. પણ સત્‌ને સત્‌ના નિર્ણયની જરૂર છે કે ‘સત્‌પણે છું–પરપણે નથી.’

૪—અનેકાન્ત વસ્તુને એક–અનેક બતાવે છે. એક કહેતા જ અનેકની અપેક્ષા આવી જાય છે. તું તારામાં જ એક છો અને તારામાં જ અનેક છો તારા ગુણપર્યાયથી અનેક છો, વસ્તુથી એક છો.

૫—અનેકાન્ત વસ્તુને નિત્ય–અનિત્ય બતાવે છે. પોતે નિત્ય છે અને પોતે જ ( પર્યાયે ) અનિત્ય છે. તેમાં જે તરફની રુચિ તે તરફનો પલટો ( પરિણામ ) થાય. નિત્ય વસ્તુની રુચિ થાય તો નિત્ય ટકનારી એવી વીતરાગતા થાય અને અનિત્ય એવી પર્યાયની રુચિ થાય તો ક્ષણિક એવા રાગ–દ્વેષ થાય.

૬—અનેકાન્ત એ વસ્તુની સ્વતંત્રતા જાહેર કરે છે. વસ્તુ પરથી નથી, અને સ્વથી છે એમ કહ્યું તેમાં ‘સ્વ અપેક્ષાએ દરેક વસ્તુ પરિપૂર્ણ જ છે’ એ આવી જાય છે. વસ્તુને પરની જરૂર નથી પોતાથી જ પોતે સ્વાધીન–પરિપૂર્ણ છે.

૭—અનેકાન્ત એકેક વસ્તુમાં બે વિરુદ્ધ શક્તિઓ બતાવે છે. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી બે વિરુદ્ધ શક્તિઓ થઇને જ તત્ત્વની પૂર્ણતા છે. બે વિરુદ્ધ શક્તિનું હોવું તે વસ્તુનો સ્વભાવ છે.

# જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ

લેખકઃ- રામજીભાઈ માણેકચંદ દોશી

‘જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ’ ઘણું ટૂંકું સૂત્ર છે. પણ આ નાના સૂત્રમાં ગંભીર મર્મ રહેલ છે, તે મર્મની જેને ખબર નથી તે અર્થ કરવામાં ભૂલ કરે એ સ્વાભાવિક છે.

આ સૂત્ર સંસ્કૃત ભાષામાં છે. એટલે જેઓ માગધી ભાષાના મૂળ સૂત્રને જ માત્ર માને અને તે સિવાય બીજા કોઈને તીર્થંકર પ્રણિત ન માને તેને તો આ સૂત્ર સાથે કાંઈ સંબંધ હોવો જોઈએ નહિ, છતાં કેટલાકો તથા બીજાઓ આ સૂત્ર પોતાની માન્યતાને પોષે છે–ટેકો આપે છે એમ માની લઈ પોતાને અનુકૂળ અર્થ કરે છે. તે અર્થ શું કહે છે અને તે બરાબર છે કે કેમ તે અહીં વિચારીએ.

કેટલાકો કહે છે કે–આત્માનું જ્ઞાન અને જડ ( શરીર ) ની ક્રિયાથી મોક્ષ થાય, તેના ટેકામાં એવી દલીલ કરે છે કે–આ સૂત્ર દ્વિવચનમાં છે માટે આત્માનું જ્ઞાન અને શરીરની ક્રિયા એમ બે ન લઈએ તો દ્વિવચન આવે નહિ; માટે વ્યાકરણ દ્રષ્ટિએ એવો જ અર્થ થાય.

આ સૂત્ર દ્વિવચનમાં છે એ ખરું છે, પણ તેથી શરીરની ક્રિયા એવો અર્થ થાય નહિ. તેનાં કારણો નીચે પ્રમાણે છે.

## વ્યાકરણ દ્રષ્ટિએ અર્થ ખોટો

૧—શરીર એક દ્રવ્ય નથી, પણ અનંત પુદ્ગલ દ્રવ્યોનું બનેલું છે; તેથી એક આત્મા અને અનંત પુદ્ગલ દ્રવ્યો ( શરીર ) ની ક્રિયા હોવાથી અનંત દ્રવ્યોની ક્રિયા અનંતી થાય. એટલે મોક્ષ તે એક આત્માના જ્ઞાન અને અનંત પુદ્ગલોની જે અનંતી ક્રિયા એક સમયે થાય છે તેનાથી થાય એવો અર્થ થાય. એ સૂત્રમાં તો દ્વિવચન છે અને બહુવચન નથી. માટે તે અર્થ વ્યાકરણ દ્રષ્ટિએ ખોટો ઠરે છે.

૨—શરીરનું કાર્ય જ્યારે થાય છે ત્યારે જડકર્મોનું પણ કાર્ય થાય છે. જડકર્મના ઉદયને અને શરીરને ક્રિયાનો સંબંધ છે. તેથી જો જીવના આત્મજ્ઞાનથી અને શરીરની ક્રિયાથી મોક્ષ થતો હોય તો ખરી રીતે એમ કહેવું જોઈએ કે જીવના આત્મજ્ઞાન, અનંત કર્મની ક્રિયા અને શરીરની ક્રિયા એમ ત્રણથી મોક્ષ થાય. શરીર અનંત દ્રવ્યોરૂપ છે, અને જડ કર્મ પણ અનંત દ્રવ્યો છે, છતાં દરેકને એક એક દ્રવ્ય લઈએ તોપણ ત્રણ થયા, એટલે પણ ઉપરનો અર્થ વ્યાકરણ દ્રષ્ટિએ ખોટો ઠરે છે. ત્રણ થાય ત્યાં સંસ્કૃતમાં દ્વિવચન આવતું નથી, પણ બહુવચન આવે છે.

( ૩ ) દરેક જીવ એક છે. શરીર અનંત દ્રવ્યોનો પિંડ છે. શરીરના એક પિંડની સ્થૂળદ્રષ્ટિએ પણ એક ક્રિયા હોતી નથી, જેમ જીવ ધ્યાનમાં હોય ત્યારે શરીરની અવસ્થાની ક્રિયા વિચારીએ તો પગ વગેરે બેસવાના આકારે છે, કેડ ઉપરના ભાગની ક્રિયા તેનાથી જાુદી એટલે ટટ્ટાર ઊભી છે અને હાથની સ્થિતિ વળી તેથી પણ જાુદી હોય છે. મુખની સ્થિતિ ટટ્ટાર કે નમેલી પણ હોય છે. એ રીતે જાુદા જાુદા અવયવોની ક્રિયા જાુદી જાુદી છે, પણ સૂત્રમાં તો દ્વિવચન છે; અને આ તો બે કરતાં વધારે ક્રિયા થઈ એ રીતે પણ વ્યાકરણ દ્રષ્ટિએ તે અર્થ ખોટો ઠરે છે.

( ૪ ) કેટલાક જીવોને ઘાણીમાં ઘાલીને દુષ્ટો પીલે છે, અને જ્ઞાની સામ્યભાવ રાખી મોક્ષ પ્રાપ્ત કરે છે; હવે અહીં ઘાણીમાં પીલાવાના કાર્યમાં શરીરના અવયવોની ક્રિયાઓ જાુદી જાુદી થાય એટલે પણ ત્યાં ‘ભ્યામ્’ દ્વિવચન બતાવનારો શબ્દ ન જોઈએ, પણ બહુવચન બતાવનારો શબ્દ જોઈએ. એ રીતે પણ અર્થ ખોટો ઠરે છે.

## સિદ્ધાંતિક દ્રષ્ટિએ તે અર્થ ખોટો છે.

( ૧ ) દરેક જીવ એક ચૈતન્ય દ્રવ્ય છે. મોક્ષ જીવની પૂર્ણ પવિત્ર અવસ્થા છે. મોક્ષ એટલે વિકારી અવસ્થાથી મુક્ત થવું, જીવ પોતે પોતા વડે પોતામાં વિકાર કરે છે, એટલે પોતે પોતાવડે પોતામાંથી વિકાર ટાળે તો ટળી શકે, જીવ જો જડનું કાંઈ કાર્ય કરે તો જીવ જડ થઈ જાય. જો શરીર જીવનું કાર્ય કરે તો શરીર પુદ્ગલ અનંત દ્રવ્યો મટી એક ચૈતન્ય દ્રવ્ય થઈ જાય. એમ દ્રવ્યોનો લોપ થવા લાગે તો જીવનો પણ લોપ થઈ જાય. એટલે જીવનું આત્મજ્ઞાન અને શરીરની ક્રિયાવડે મોક્ષ થાય એમ માનવું તે એકલી ભ્રમણા છે.

( ૨ ) જીવમાં પુદ્ગલ વ્યાપતું નથી. પુદ્ગલમાં જીવ વ્યાપતો નથી. ત્યારે પુદ્ગલ જે પોતામાં વ્યાપે છે અને જીવમાં વ્યાપતું નથી એવા અનંતા પુદ્ગલો પોતાની ક્રિયાથી આત્માને શી રીતે મોક્ષમાં લઈ જાય? લઈ જઈ શકે નહિ એ સ્પષ્ટ છે.

(૩) જીવ અને શરીર બન્ને ભેગા થઇને મોક્ષનું કાર્ય કરે તો જીવ અને શરીર બન્નેએ મોક્ષક્ષેત્રમાં જવું જોઇએ, પણ તેમ તો બનતું નથી. જીવ એકલો મોક્ષક્ષેત્રમાં જાય છે. શ્રીમદ્ રાજચંદ્ર આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહે છે કેઃ–

એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬.

અહીં તો જીવને એકલાને મોક્ષસ્વરૂપ કહ્યો છે. જીવ અને શરીરને મોક્ષસ્વરૂપ કહ્યાં નથી.

(૪) એક દ્રવ્યની પર્યાય તે દ્રવ્ય પોતે જ કરે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઇ કરી શકે નહિ. દરેક દ્રવ્ય સ્વદ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે અસ્તિરૂપે છે, અને પરદ્રવ્યે–ક્ષેત્રે–કાળે ભાવે નાસ્તિરૂપે છે. શરીર અનંત દ્રવ્યો છે. તેનું દરેક પરમાણુ પણ પોતપોતાને સ્વદ્રવ્યે–ક્ષેત્રે–કાળે–અને ભાવે અસ્તિરૂપે છે, અને શરીરના બીજા પરમાણુના દ્રવ્યે–ક્ષેત્રે–કાળે અને ભાવે નાસ્તિરૂપે છે. એટલે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરી શકે નહિ, એટલે જીવના જ્ઞાન અને શરીરની ક્રિયાથી મોક્ષ થાય એ માનવું તદ્દન ખોટું છે.

## સાચો અર્થ અને વ્યાકરણ સાથેનો તેનો મેળ.

જીવમાં સમ્યક્‌જ્ઞાન થાય ત્યારે તુરત જ સંપૂર્ણ વીતરાગતા પ્રગટતી નથી. સમ્યક્‌જ્ઞાન કોઇ વખતે લબ્ધરૂપ અને કોઇ વખતે ઉપયોગરૂપ હોય છે. એટલે જ્ઞાન સમ્યક્ હોય પણ પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય ત્યાં સુધી મોક્ષ થતો નથી. વીતરાગતા એ જીવની શુદ્ધ ક્રિયા છે. તેને ચારિત્રની પૂર્ણતા કહેવામાં આવે છે. તેને જ્ઞાનની સ્થિરતા પણ કહેવામાં આવે છે. એટલે એ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે થાય છે.

(૧) જીવનું સમ્યગ્જ્ઞાન–અને સમ્યગ્ચારિત્રની પૂર્ણતાથી મોક્ષ થાય છે.

(૨) જીવનું સમ્યગ્જ્ઞાન અને તે સમ્મગ્જ્ઞાનની જ્ઞાનમાં પૂર્ણ ઠરવારૂપ–સ્થિરતારૂપ ક્રિયાથી મોક્ષ થાય છે.

(૩) જીવનું સમ્યગ્જ્ઞાન અને પૂર્ણ વીતરાગરૂપ પોતાની પર્યાય (ક્રિયાપરિણમન) થી મોક્ષ થાય છે.

(૪) જીવના બે ગુણોની પૂર્ણતા ત્યાં આવતી હોવાથી વ્યાકરણકૃતિએ તેમાં દ્વિવચન સૂચક ‘ભ્યામ્’ શબ્દ યથાર્થ વપરાયો છે.

(૫) સમ્યગ્જ્ઞાન હોય ત્યાં સમ્યગ્દર્શન હોય તેથી ‘સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણી મોક્ષમાર્ગ’ —એમ પણ ઉપરના સૂત્રનો અર્થ થાય છે.

# જય સમયસાર!

## (સુવર્ણપુરીના સમાચાર)

શ્રાવણ સુદ ૧૨ મંગળવાર તા. ૧–૮–૪૪ ના રોજ વ્યાખ્યાનમાં છઠ્ઠી વખત શ્રી સમયસાર વાંચનની પૂર્ણાહુતિ થઇ છે અને શ્રાવણ સુદ ૧૩ બુધવાર તા. ૨–૮–૪૪ ના માંગળિક દિવસે સાતમી વખત વ્યાખ્યાનમાં સમયસારજીનું વાંચન અદ્‌ભૂત શૈલીથી શરૂ થયું છે. સમયસાર ખરેખર એક અપૂર્વ શાસ્ત્ર છે – એ અપૂર્વ શાસ્ત્રમાં રહેલા કેવળીભગવાનના સંદેશાના એક એક શબ્દ છણી છણીને પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ સાતમી વખત સભા વચ્ચે સંભળાવી રહ્યા છે, અને એ રીતે શાસનની મહાન પ્રભાવના તેઓશ્રી કરી રહ્યા છે કે જે ભવ્ય જીવોના મહાન લાભનું કારણ છે.

સમયસાર–પૂર્ણાહુતિના દિવસે દેરાસરજીમાં ભક્તિ વખતે ભક્તોનો ઉત્સાહ અજબ હતો! ભક્તિમાં પ્રથમ ‘દર્શનસ્તુતિ’ નું સ્તવન (સ્તવનમંજરી પાનું ૩૦૦) ગવડાવ્યા પછી ‘જય સમયસાર જય સમયસાર તથા જય ગુરુરાજ જય ગુરુરાજ’ એવી ધૂન બેહદ ઉલ્લાસથી લેવડાવવામાં આવી હતી. આમ અત્યંત અત્યંત ઉલ્લાસપૂર્વક ભક્તિ પૂરી થતા દેવ–ગુરુ–શાસ્ત્રના જયનાદના ગગન ભેદી અવાજો કરતાં ભક્તો ધરાતાં ન હતાં.

સાંજે શ્રી સમયસારજીની આરતી ઉતારવામાં આવી હતી. બીજે દિવસે જે દિવસે સમયસારજીનું સાતમી વખતનું વાંચન શરૂ થયું તે દિવસે સવારે સમયસારજી શાસ્ત્રની પૂજા કરવામાં આવી હતી, અને બપોરે સાતમી વખતના વાંચનની માંગળિક શરૂઆત થઇ હતી. આ રીતે પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવ સમયસારશાસ્ત્ર દ્વારા અનેક ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છે. ભક્તો અંતરથી પોકાર કરે છે કે—

**જયવંત વર્તો શ્રી સમયસાર અને તેના સમજાવનાર શ્રીસદ્‌ગુરુદેવ!**

મુદ્રક :– જમનાદાસ માણેકચંદ રવાણી શિષ્ટ સાહિત્ય મુદ્રણાલય દાસકુંજ, મોટા આંકડિયા, કાઠિયાવાડ. તા. ૧૦–૮–૪૪
પ્રકાશક ઃ– જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ વતી જમનાદાસ માણેકચંદ રવાણી, દાસકુંજ મોટા આંકડિયા